


• પ્રવચનકાર •

પૂ.આ.શ્રી સુબોધસૂરિ.મ.
ના વિનેય
પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજય.મ.

# પાપ ની સજા ભારે




પાપની સજા ભારે

(૨૦)

વિ. સં. ૨૦૪૬
માગસર સુદ-૧૨

તા. ૧૦-૧૨-૮૯
રવિવાર

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

૧૧. શ્રી કલ્યાણભાઇ સી. ગાંધી
૧૨. શ્રી નરેશભાઇ રતીલાલ પરીખ
૧૩ શ્રી ચંદ્રકાન્ત રતીલાલ
૧૪. શ્રી હેમેન્દ્રભાઇ રમણલાલ
૧૫. શ્રી જયંતિલાલ કેશવલાલ વકીલ
૧૬. શ્રી રસીકલાલ કેશવલાલ
૧૭. શ્રી અરૂણભાઈ જયંતિલાલ દલાલ
૧૮. શ્રી અરૂણભાઇ સારાભાઇ
૧૯. શ્રી સુરેન્દ્રભાઈ શાન્તીલાલ
૨૦. શ્રી પ્રમોદભાઇ ત્રીકમલાલ
૨૧. શ્રી રમેશચંદ્ર મફતલાલ વખારીયા
૨૨. શ્રી બાબુભાઇ ચીમનલાલ
૨૩. શ્રી મુકુંદભાઈ નવીનચંદ્ર સંઘવી
૨૪. શ્રી જયંતભાઇ રાજેન્દ્રભાઈ
૨૫. શ્રી વિનોદભાઇ મણીલાલ (કો.ઓપ્ટ)
૨૬. શ્રી અજયભાઇ મહેન્દ્રભાઇ (કો.ઓપ્ટ)
૨૭. શ્રી જયેશભાઈ ચંપકલાલ ભણસાલી (કો.ઓપ્ટ)

(મુનીમ શ્રી રમેશભાઇ સી. શાહ)

नम्र सूचन
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रवचन–२०

# પાપની સજા ભારે

પ. પૂ. ત્રિકાલજ્ઞાની, ત્રિલોકીશ ત્રિલોક પૂજ્ય, ત્રિલોકાગ્ર નિવાસી, ત્રિલોકનાથ, ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીના ચરણારવિંદમાં નમસ્કારપૂર્વક......

सोच्चा जाणइ कल्याणं, सोच्चा जाणइ पावगं ।
उभयंपि जाणइ सोच्चा, जं सेयं तं समायरे ॥

શ્રી દશવૈકાલિક આગમમાં અનંત ઉપકારી ભગવંતે ફરમાવ્યું છે કે હે જીવ? કલ્યાણના માર્ગને સારી રીતે સમજી વિચારીને જાણી લેવો, તેવી રીતે પાપના માર્ગને સારી રીતે સમજી વિચારીને જાણી લેવો, બંને માર્ગને સમજ્યા પછી જે શ્રેયસ્કર કલ્યાણકારી માર્ગ હોય તેને અપનાવવો, આચરવો. તેનું જ સમ્યગ્ આચરણ કરવું, તેમાં જ તારું કલ્યાણ છે. અનંત કરુણાસાગર પ્રભુની આ હિત શિક્ષા છે.

આવી રીતે ભગવંતે કલ્યાણનો જે શુદ્ધ સ્વરૂપ માર્ગ છે, જેવો છે. તેવો જ સ્પષ્ટ બતાવી દીધો છે. તેવી જ રીતે પાપનો જે માર્ગ છે જેવો છે, તેવો જ સ્પષ્ટ બતાવી દીધો છે. હવે આ બંને માર્ગને સારી રીતે સમજીને કયો આચરવો? તે આપણા પર છોડયુ છે. માર્ગ બે પ્રકારના છે, કયા માર્ગ પર જવું તે આપણે નક્કી કરવાનું છે.

**બે માર્ગ :–**

સંસારમાં બે પ્રકારના માર્ગ છે. પણ તે બંને જુદી જુદી દિશામાં જાય છે. એક માર્ગ છે જે સીધો મોક્ષ તરફ જાય છે. જે સીધો સરળ છે. માત્ર ૧૪ સોપાન [ગુણસ્થાનક] છે. આસાન છે, સાધ્ય છે. અને સર્વ લોકની ઉપર મુકુટસ્થાનરૂપ મોક્ષ છે. ત્યાં પહોંચાડે છે. જ્યારે બીજો માર્ગ બે પ્રકારનો છે. એક તો સીધો ઉપરના માર્ગનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકદમ ઉલ્ટો—જે સીધો અધોલોકમાં નીચે નરકમાં લઈ જાય છે. જ્યાં કરોડો—અબજો—ખર્વો—સાગરોપમ કાળ સુધી આત્માને ત્યાં રાખે છે. ઘણી જ દુઃખદાયિ વેદના—પિડાથી ભરેલું દુઃખમય જીવન ત્યાં છે. હાય—હાય કરતાં આંખોમાંથી નીરંતર આંસુની ધારા તો શું પરંતુ લોહીની ધારા વહાવતા, રોતા—બૂમ પાડતા સાગરોપમનો કાળ પસાર કરવો પડે છે. કાંટા, કાંકરા—પથ્થરથી ભરેલો માર્ગ છે.

બીજો માર્ગ જે પહાડી ઘાટીમાં ગોળ ગોળ ફરવા જેવો છે. ઉપરથી નીચે અને નીચેથી ઉપર તેવી રીતે ચઢ ઉતર કરતા જાઓ. ચડતા જાવ અને ઉતરતા જાવ અને તેવી રીતે ગોળ ગોળ ઘુમતા જાઓ, થોડીવાર માટે એવું લાગે છે કે અમે ઉપર ચડી રહ્યા છીએ, ઘણા જ ઉપર જઈ રહ્યા છીએ. પરંતુ થોડી જ વાર માટે છે. ફરી પાછુ નીચે જ ઉતરવું પડે છે. આ માર્ગ અત્યન્ત કઠીન [ગુંચવડ ભરેલો] છે. આમાં અંતિમ કિનારો મળતો જ નથી અને ગોળ ગોળ ઘુમતા ચાર ગતિમાં ભ્રમણ કરે છે.

ઉપરોક્ત બંને પ્રકારના માર્ગને ઓળખવો આવશ્યક છે. કારણ મનુષ્ય માર્ગ પ્રમાણે ચાલે છે. માર્ગ જે દિશામાં જાય છે તે દિશામાં જાય છે. આથી જતા પહેલા માર્ગ અને દિશા કઈ લેવી તેનો નિર્ણય કરી લેવો જોઇએ.

### પાપનો અને કલ્યાણનો માર્ગ :-

પાપનો માર્ગ કાંટાનો માર્ગ, દુઃખદાયિ માર્ગ છે. શરૂઆતમાં થોડી ક્ષણો માટે એવો સારો મીઠો સુખદાયિ લાગે પરંતુ અંતમાં મહાદુઃખદાયિ લાગે છે. આમાં કોઈ શંકા નથી. પાપનો માર્ગ ક્ષણિક છે. થોડા સમય માટે પાપની પ્રવૃત્તિ થાય છે. પરંતુ સજાનો કાળ લાંબો છે, ૧ મિનિટમાં કરેલ પાપની સજા સંભવ છે કે હજારો—લાખો વર્ષો સુધી ભોગવવી પડે છે. કોઇને ચોરી કરવામાં ૧—૨ કલાક લાગે, કોઇપર બળાત્કાર કરવામાં ૧૦—૨૦ મિનિટ લાગે. પરંતુ જ્યારે પકડાઇ જાય અને સજા આપવામાં આવે છે. ત્યારે કેટલી ૧૦ વર્ષની જેલ, ૨૦ વર્ષની જેલ, કદાચ ઉમ્મરભર કેદની સજા પણ આપવામાં આવે છે. કોઇ દેશોમાં બળાત્કારની ૧૦—૨૦ મિનિટની પાપ—પ્રવૃત્તિની સજા ફાંસી દેવામાં આવે છે. સીધા જ ફાંસી પર લટકાવવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવે છે. હવે વિચારો કેમ? પાપની સજાના સમયે પાપ કરતા કેટલો સમય લાગ્યો? ૧૦-૨૦ મિનિટ અથવા ૧-૨ કલાક આવું કોઈ જોતું નથી. સજા દેવાના સમયે જજ સમય જોતો નથી, તે તો માત્ર પાપનો પ્રકાર જુએ છે. કેવું પાપ કર્યું છે? કેવા પ્રકારે કર્યું છે? કોણે કર્યું છે? કેમ કર્યું છે? આ પાપમાં તેણે કેટલાને નુકશાન કર્યું છે? ઇત્યાદિ કેટલીય વાતોનો વિચાર કરીને પછી પાપની સજા આપે છે. કોઈપણ સ્વરૂપે જોઇએ તો પાપનો માર્ગ જરૂર દુઃખદાયિ છે. આ નિર્વિવાદ છે.

જે પિતાએ કાંટાથી ભરેલો દુઃખદાયિ માર્ગને જોયો છે, અનુભવ્યો છે. તે માર્ગ પોતાના પૂત્રને કોણ બતાવે? હિતેચ્છુ પિતા તે કહેવાય જે સ્વયં પાપના દુઃખદાયિ માર્ગને જોઈને પૂત્રને કહે કે બેટા આ માર્ગ પર ન જાતો. આ મારો અનુભવ છે. મેં કેટલાય પાપ કર્યા છે અને દુઃખી બન્યો છું. આથી મારા જેવી તારી જીંદગી પણ દુઃખી ન થાય તે માટે ધ્યાન રાખજે, સમજદાર તે છે જે દીર્ઘદૃષ્ટિવાળો છે. ઘણો લાંબો વિચાર કરીને ચાલે છે. પોતાના હાથમાં ફ્લેશ કે ટોર્ચ લાઇટ રાખીને દૂર પ્રકાશ ફેંકીને ખાડો આદિ તો નથી ને? તે જોઈને ચાલે તે જ સાચો સમજદાર છે. રાત્રે અંધારામાં ગાડી ચલાવવાવાળા ચારસો-પાંચસો ફૂટ લાંબો પ્રકાશ ફેંકીને આગળ રસ્તો જોઇને પછી આગળ ચલાવે છે. તેવી રીતે આપણે પણ દીર્ઘદૃષ્ટિ બનીને ભવિષ્યનો વિચાર કરીને પ્રવૃત્તિ કરવી જોઇએ. આજ હું આ પાપ કરી રહ્યો છું પરંતુ ભવિષ્યમાં મારે દુઃખ સહન કરવું પડશે આજે તો પાપ કરતાં સમયે સારુ લાગે છે પરંતુ તે દુઃખના દિવસ અથવા ભોગવવાના દિવસ આવશે ત્યારે શું કરીશ? હસતા હસતા કરેલા પાપ જ્યારે રોતા રોતા ભોગવવા પડશે ત્યારે શું થશે? વર્ષો સુધી પાપની સજા ભોગવવી પડશે શું થશે? એટલા માટે પાપ કરતા પહેલા પાપના પરિણામોનો વિચાર કરી લેવો જોઈએ તો સંભવ છે કે આવેલા પાપને ન કરવાનો સંકલ્પ પણ કરી શકો.

કલ્યાણનો માર્ગ પ્રભુએ બતાવ્યો છે. પાપનો માર્ગ સર્વથા ત્યાજ્ય છે. હેય છે તો તેની સામે કલ્યાણનો માર્ગ જ્ઞેય છે, ઉપાદેય છે, આચરણીય છે, કલ્યાણકારી છે, સુખદાયિ છે. આથી પાપના વિકલ્પના રૂપમાં આ માર્ગ આચરવો સાચો છે. જે માર્ગમાં આગળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તરોત્તર પ્રગતિ છે, વિકાસ છે, શુદ્ધ–વશુદ્ધ છે. ભવ પરંપરાનો સંસાર ઓછો થઇ જાય છે. કર્મનું પ્રમાણ ઓછું થઈ જાય છે. તેથી આત્મકલ્યાણનો માર્ગ અપનાવવો જોઇએ. જેનું સુંદર સુવ્યવસ્થિત સ્વરૂપ સર્વજ્ઞ ભગવંતો એ બતાવ્યું છે, ગુણસ્થાનમાં ૧૪ ગુણસ્થાનક ચઢવાનો વિકાસવાદનો ઉત્તમ માર્ગ બતાવ્યો છે. આથી કયા માર્ગ પર જવું તે નિર્ણય આપણે સ્વયં કરવો જોઇએ. થોડા નીચેના દ્દષ્ટાંતો જોઇએ જેથી આપણને વિશ્વાસ થાય કે કેવા પાપ કરવાથી કોને કેવી સજા ભોગવવી પડી.

## કરેલા પાપોની સજા :–

જેવા પાપ કરવાથી જે કર્મ બંધાય છે. તેનો ઉદય આવવાથી તે દુઃખોને, તે સજાને ભોગવવી પડે છે. કર્મસત્તાના ઘરમાં ચાહે રાજા હોય કે રંક હોય, ચાહે તીર્થંકરનો જીવ હોય કે પછી સામાન્ય જીવ હોય કોઇના માટે વધારે ઓછું નથી હોતું. કર્મસત્તા આગળ કોઇ નાનું મોટું નથી. કર્મસત્તાના ઘરમાં તો કરેલા પાપ અનુસાર જીવ પોતે સજા પામે છે. ઉદાહરણ માટે થોડા દ્દષ્ટાંત સંક્ષેપમાં જોઈએ.

(૧) ભગવાન ઋષભદેવના જીવે પોતાના પૂર્વ ભવમાં કોઇ બળદના મુખ પર શિકુ બાંધવાની સલાહ આપી અને ખેડૂતે તે પ્રમાણે કર્યું. આ પાપના કર્મની સજા તેમને ૧૩ માં ભવમાં મળી, જ્યારે ઋષભદેવ ભગવાને દીક્ષા લીધી ત્યારે તે અંતરાયકર્મ ઉદયમાં આવ્યું, અને ૪૦૦ દિવસ સુધી આહાર પાણી ન મળ્યા.

(૨) મરીચિના ત્રીજા ભવમાં મહાવીરસ્વામીના જીવે કુળમદ કરીને નીચગોત્ર કર્મ બાંધ્યું અને ૫, ૬, ૮, ૧૦, ૧૨ અને ૧૪ આટલા ૬ ભવ બ્રાહ્મણના યાચક કુળમાં જન્મ લેવો પડયો. ત્યાં પણ ફરી ત્રિદંડી થતા જ ગયા. તથા ૮૨ દિવસનું બાકી રહ્યું હતુ તે કર્મ તેમના અંતિમ ૨૭ મા ભવમાં દેવાનંદાની કુક્ષીમાં ૮૨ દિવસને માટે જન્મ ધારણ કરવો પડયો. જેવી રીતે કર્મ બાંધ્યુ હતું તેવી રીતે કર્મએ સજા કરી.

(૩) ૧૫માં ત્રિપુષ્ઠ વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં ગરમ ગરમ તપતું શીશુ નંખાવીને જે પાપ કર્યું તેનું ફળ તેમને ૨૭માં ભવમાં ભોગવવું પડયુ. જેમાં કાનમાં ખીલા ઠોકાયા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિંહને ફાડીને મારવો આદિ જે પાપ કર્યું હતુ તે પાપોની સજા ભોગવવા માટે સાતમી નરકમાં જવું પડ્યુ.

(૪) મગધ સમ્રાટ શ્રેણિક જેવા રાજાએ ગર્ભિણી હરિણીનો શિકાર કરીને બે જીવોનો વધ કરીને પ્રાણાતિપાતનું જે ભયંકર પાપ કર્યું હતુ તેની સજા ભોગવવા માટે તેમને પહેલી નરકમાં જવું પડ્યું. ત્યાં ૮૨ હજાર વર્ષ સુધી મહાવેદના સહન કરશે. જો કે તીર્થંકર નામ કર્મ પછીથી બાંધ્યુ હતુ છતાં પણ કરેલા પાપ ક્યાં છૂટી શકે છે? એટલા માટે નિયમ છે કે.

"कृतं कर्म अवश्यमेव भोक्तव्यं कल्पकोटि शतैरपि"

કરોડો વર્ષ વીતી જાય તો પણ કરેલા નિકાચિત કર્મ તો અવશ્ય ભોગવવા જ પડે છે. હવે ૮૪ હજાર વર્ષ નરકમાં પૂર્ણ કરીને ત્યાંથી નીકળીને ભરતક્ષેત્રમાં આવીને તીર્થંકર બનશે.

(૫) મુનિ મહારાજને રસ્તામાં ચાલતા સમયે પગનીચે દેડકો આવી ગયો. એક જીવની હિંસા થઈ ગઈ તો પણ પાપનું પ્રાયશ્ચિત ન કર્યું અને ઉપરથી શિષ્યને દંડો લઈને મારવા દોડવાનું પરિણામ એ આવ્યું કે રાત્રે અંધારામાં થાંભલા સાથે અથડાયા. માથું ફૂટ્યુ અને ભયંકર ક્રોધમાં મરીને તાપસ બન્યા. ત્યાં પણ ભયંકર ક્રોધના કારણે મરીને તિર્યંચગતિમાં ચંડકૌશિક નામના સર્પ બન્યા, જીવોને કેટલાય પાપોની સજા ભોગવવા માટે તિર્યંચ પશુ પક્ષીની ગતિમાં જન્મ લેવો પડે છે.

(૬) સુભુમ ચક્રવર્તી અતિલોભમાં મરીને ૭ મી નરકમાં ગયા.

(૭) કોણિક રાજાએ પોતાના પિતા સમ્રાટ શ્રેણિકને જેલમાં નાંખીને ચાબૂક માર્યા. પિતાને મારવાના ભયંકર પાપ અને બીજા પણ પાપના પરિણામરૂપે ૭ મી નરકમાં જવું પડ્યું.

(૮) બ્રહ્મદત્ત ચક્રવર્તીએ કેટલાય બ્રાહ્મણોની આંખો ફોડાવીને દરરોજ સવારે તેને મસળવાનું જે મહાભયંકર પાપ કર્યું અને નિર્બ્રહ્મિ પૃથ્વી કરવાનું હિંસાનું જે પાપ કર્યું તેના ફળ સ્વરૂપે ૭ મી નરકમાં જવું પડ્યુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯) રાજકુમારીના જન્મમાં પોપટની પાંખ કાપીને જે પાપ કર્યું હતુ તેની સજા એવી થઈ કે પોપટનો જીવ શંખરાજા બન્યો અને રાજકુમારી રાણી કલાવતી બની. ત્યારે શંખરાજા એ રાણીના બે હાથ કપાવ્યા. Tit for Tat " शठं प्रति शाठ्यं " જેવાને તેવું'નો નિયમ કર્મસત્તા ના ઘરમાં વ્યવસ્થીત ચાલે છે.

(૧૦) વેગવતીએ મુનિ પર એવું કલંક લગાવ્યું હતું કે તેને ૧૩ માં અભ્યાખ્યાનના પાપની સજા એવી ભોગવવી પડી કે મહાસતી સીતાના જન્મમાં ધોબીની સામાન્ય વાતના નિમિતે રાજા રામચંદ્રજીએ કાઢી મૂકી. ગર્ભવતી સીતાને ઘર–પરિવાર બધુ છોડીને નીકળી જવું પડ્યુ, અને જંગલમાં આશ્રમમાં લવ–કુશને જન્મ આપ્યો. પાપે પોતાનું કાર્ય સમયસર કર્યું.

(૧૧) સાધ્વીજીનું મન હીરામાં રહી ગયું. અતિમોહ હતો. આથી મરીને ઉપાશ્રયમાં ગરોળી બનીને ભટકવું પડ્યું.

(૧૨) નંદમણિકાર શેઠના ભવમાં ચોવીહારા અઠ્ઠમમાં રાત્રે પાણી પીવાનું મન થયું, આર્તધ્યાનમાં આયુષ્ય બાંધ્યું. મરીને પાણીની વાવમાં દેડકા તરીકે ઉત્પન્ન થયા. મનના પાપથી પણ કેવી ગતિ થાય છે ?

(૧૩) કમઠે પ્રથમ ભવમાં વૈર વૈમનસ્યનું નિયાણું બાંધીને પોતાના સગાભાઈ મરુભૂતિને માર્યો પણ ખરો અને ભવિષ્યમાં મારતો રહીશ આવી નિયાણા વૃત્તિથી મનુષ્ય હત્યા અને મુનિ હત્યાનું પાપ કરીને કેટલીયવાર નરકમાં ગયો.

(૧૪) અગ્નિશર્મા અને ગુણસેનના સમરાદિત્ય ચરિત્રમાં શું થયું ? અગ્નિશર્મા ગુણસેનને ભવોભવ મારવાનું નિયાણું કર્યું હતું. તેના પરિણામે તે મારતો જ રહ્યો, તે મનુષ્ય હત્યા અને મુનિહત્યાના પાપોની સજા ભોગવવા વારંવાર એક એકથી ભારે સજા ભોગવવા નરકમાં જતો હતો.

(૧૫) દેરાણી જેઠાણીના સંબંધમાં ભગવાનની પ્રતિમા કચરામાં ફેંકીને સતાવવાનું જે પાપ કર્યું તેના ફળ સ્વરૂપ મહાસતી અંજનાને ૧૨ વર્ષ પતિનો વિયોગ સહન કરવો પડયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવા પ્રકારના પાપ કર્યાં હોય તે પ્રકારે સમય પાકતા તે પાપોની સજા ભોગવવી પડે છે. મહાવીર સ્વામીએ અંતિમ દેશના ઉત્તરાધ્યયન સૂત્રના કમ્મપયડી અધ્યયનમાં કહ્યું છે કે—"**कडाण कम्माण न मोक्खोत्ति**" કરેલા કર્મોથી કોઈ છૂટકારો નથી. અર્થાત્ જેવી રીતે પાપ કર્યાં છે અને જેવા કર્મ બાંધ્યા છે. તેવાથી કોઇ છૂટકારો થઇ શકતો નથી. બચીને ક્યાં ભાગશો આખરે પાપની સજા તો ભોગવવી જ પડે છે. તેમાં અંશમાત્ર શંકાને સ્થાન નથી,

यदुपात्तमन्य जन्मानि शुभमशुभं वा स्वकर्म परिणत्या ।
तच्छक्यमन्यथा नैत्र बातुं देवासुरैरपि हि ॥

પોતાની કર્મ પરિણતિ અથવા પાપ વૃત્તિથી ગયા જન્મમાં જે પણ સારા—ખરાબ પુન્ય અથવા પાપકર્મ ઉપાર્જન કર્યાં છે, તેને દેવતા કે અસુરો સાથે મળીને પણ કોઇપણ રીતે નાશ કરી શકતા નથી, જેવા કર્મ કર્યાં છે, તેવા ફળ તેવી સજા ભોગવવી જ પડશે.

**સજા કે ફળ દેવાવાળો ઈશ્વર નથી :–**

પાપ આપણે કરીએ અને પાપનું ફળ દેવાવાળા ઈશ્વરને માનવામાં આવે તે યોગ્ય નથી. ઇશ્વર એક માત્ર પરમવિશુદ્ધ સ્વરૂપમાં આરાધ્ય છે. આપણી કર્મ નિર્જરામાં આલંબન રૂપ છે. તે આપણા કરેલા પાપોને માફ કરવાવાળા નથી, કે પાપનું ફળ આપવાવાળા કે સજા આપવાવાળા પણ નથી. તમે પાપ કરો અને તે કેમ માફી આપે ? સારુ, માનીલો કે પાપ માફ કરે છે. તો તે ઈશ્વરનું સ્વરૂપ કેવું હશે ? ઉદાહરણ માટે એક મનુષ્યે કોઇનું ખૂન કર્યું પછી તે ઇશ્વરની ઉપાસના કરીને પ્રાર્થના કરે અને કહે કે હે ભગવાન ! મને ક્ષમા કરો ! અને માનીલો કે ઇશ્વર તેનો અપરાધ માફ કરી દે તો, ખૂની ને માટે ઈશ્વર સારો સિદ્ધ થશે પરંતુ જે બિચારો મરી ગયો છે, તેના માટે ઇશ્વર કેવા સિદ્ધ થશે ? તે મરવાવાળો પણ બીજા જન્મમાં જઇને ઈશ્વરને પ્રાર્થના કરતો કહે કે હે ભગવાન ! આપ મારા હત્યારાને કૃપા કરીને માફ ન કરતા. હું તેને મારીને બદલો લેવા માંગુ છું. અને આપ માફ કરવાવાળા છો તો મને પાપ હત્યાનું જે પાપ લાગે તેને આપ માફ કરી દેજો. હવે ઇશ્વર શું જવાબ આપશે ? અને લોકોમાં ખોટી ધારણા ફેલાય જાય કે ગમે તેવું ખૂન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરો, ગમે તેવું પાપ કરો પણ ઇશ્વરના દરબારમાં જઇને માફી માંગી લઇશું. ખૂબ રડતા રડતા પ્રાર્થના કરતા ઇશ્વરના ચરણોમાં પડી જઈશું ઇશ્વર તો દયાળુ, કરુણાળુ છે. તેથી અમારા ઉપર દયા કરશે, માફ કરી દેશે અને અમે પાપથી છૂટકારો મેળવશું. શું આ માન્યતા કે ધારણા સાચી છે? આજકાલ આવી માન્યતાથી લોકો ચર્ચમાં, મસ્જિદમાં અને મંદિરમાં જાય છે અને પોતાના પાપોની માફી માંગતા ઇશ્વરના ચરણોમાં પ્રાર્થના કરે છે, યાચના કરે છે. ફરી પાપનો માર્ગ ખુલ્લો થઇ જાય છે. પછી તો સજાનો પ્રશ્ન જ રહેતો નથી. પછી તો પાપના ભય જેવું રહેશે જ નહિ અને રાજી–ખુશીમાં ખુલ્લે ખુલ્લુ પાપ કરશે આનો અર્થ એ થયો કે ઇશ્વર પાપીઓને, હત્યારાઓને પ્રોત્સાહન દેવાવાળા સિદ્ધ થયા, હવે પાપીઓને ખુલ્લો રસ્તો મળી જાય. લોકો દરરોજ પાપ કરશે અને ઈશ્વિર પાસે દરરોજ ચર્ચ, મસ્જિદ કે મંદિ-રમાં જઇને માફી માંગી લેશે. કહેવાય છે કે ઈશ્વિર તો સર્વત્ર વ્યાપ્ત છે. પછી તો મંદિરમાં જવાનો સવાલ જ કયાં છે? કયાંય પણ માફી લેશે. પછી તો કોઇપણ મનુષ્ય પાપથી ડરશે જ નહિ અને પાપના પ્રમાણની મર્યાદા રહેશે જ નહિ, એટલા માટે આ બધી મિથ્યા માન્યતા છે, ખોટી છે. મનુષ્યોથી ઉત્પન્ન થયેલી ભ્રમણા છે.

તેવી જ રીતે પાપ કરીને પાપની સજા–ફળ દેવાવાળા પણ ઇશ્વ-રને માનવા તે પણ ઇન્દ્રજાળ છે. જો ઇશ્વર માફ કરવાવાળા ક્ષમા દેવાવાળા છે તો પાપના ફળ દેવાવાળા ભગવાનની આવશ્યકતા કેમ પડી? શું ઇશ્વરે બધાને માફ કર્યા નહિ એટલે? તો શા માટે બધાને માફ ન કર્યા? ઇશ્વર તો દયાના સાગર છે, કરુણાળુ છે તો પછી બધાને કેમ માફ ન કર્યા? તો શું ઇશ્વર પક્ષપાત પણ કરે છે? અરે જે પક્ષ-પાત કરે છે તે સ્વાર્થી કહેવાય છે તો શું ઈશ્વરને પક્ષપાતી–સ્વાર્થી માનશો? એક ને માફ કરે છે અને એકને માફ નથી કરતા અને સજા કરે છે? આતો સ્વાર્થવૃત્તિ, પક્ષપાતવૃત્તિ, માનવીવૃત્તિ છે. જે મનુષ્યનો સ્વભાવ છે તે જ કદાચ ઈશ્વિરનો સ્વભાવ હોય. તો ઇશ્વર અને મનુષ્ય વચ્ચે અંતર કયાં રહ્યું? તો મનુષ્ય મનુષ્ય જ કેમ કહેવાય છે? તો કાલથી મનુષ્યને પણ ઇશ્વર કહેવાનું શરૂ કરો. તેવી રીતે ઈશ્વરને પણ સ્વાર્થી, પક્ષપાતી મનુષ્ય કહેવાનું શરૂ કરો. તો પછી મનુષ્યને ઈશ્વર માનવો જ પડશે. જો કે મનુષ્ય પ્રત્યક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેખાય છે. ઈશ્વર પ્રત્યક્ષ દેખાતા નથી. તો પછી ઇશ્વરને માનવાની આવશ્યક્તા કેમ ? જ્યારે સમાનગુણ દોષ સમાન સ્વભાવ છે તો મનુષ્યને જ ઈશ્વર માનવો જોઇએ. આવી રીતે ઈશ્વરની સત્તા ઉડી જશે. ઇશ્વરનું અસ્તિત્વ જ નહિ રહે, અને આજનો મનુષ્ય કેવો છે ? કેટલા પાપો તેના જીવનમાં થઈ રહ્યા છે ? કેટલી હીન કક્ષાના પાપો કરી રહ્યો છે ? આવા મનુષ્યને ઇશ્વર માને તો તે ઇશ્વરનું સ્વરૂપ પાપીનું થઇ જશે. અને તે જ પાપી સિદ્ધ થશે તો બીજાના પાપને કેવી રીતે માફ કરશે ? અને ઈશ્વરના પાપને માફ કરવાવાળા બીજા ઇશ્વરને માનવા પડશે. તેના પણ બીજા અન્ય ઇશ્વર એમ અનંત ઇશ્વરની કલ્પના કરવી પડશે. અને જેટલા મનુષ્ય તેટલા ઈશ્વર માનશુ તો અનેક ઇશ્વરની કલ્પના પણ કરવી પડશે. અને આ અનેક ઇશ્વરની કલ્પના માનવા લાગશો તો ઇશ્વર એક જ છે તે પક્ષ ઉડી જશે અને અનેક ઈશ્વરની કલ્પના માનશો તો मुण्डे मुण्डे मतिर्भिन्ना ના મતથી કોઇ સિદ્ધાંતનો ધર્મ નિશ્ચિત એક સ્વરૂપમાં નહિ રહે.

આવી રીતે ઇશ્વરને માફ ન કરવાવાળા માનો, નહિ...નહિ... ઈશ્વર પાપની ક્ષમા દેતા નથી, માફ કરતા નથી એવું માનશો તો વ્યવહારમાંની ઇશ્વરની માન્યતા જ ઉડી જશે. લોક-વ્યવહારમાં ઇશ્વરની ઉપાસના ઉડી જશે. જો તમે ઇશ્વરને ફક્ત પાપની સજા દેવાવાળા માનશો તો ઇશ્વરની ઉપર દયાળુ કરુણાળુ નથી, ક્રુર છે તેવા આરોપ આવશે અને ઇશ્વરનું સ્વરૂપ વધારે વિકૃત થશે, ઇશ્વર પાપની સજા દેવાવાળા છે એવું માનવાથી કાદવ ઉઠાવીને ફેકવાવાળાના પાપ કાદવથી જ ગંદા થશે. વળી ઇશ્વરને પાપીને પાપની સજા કરતા મારપીટ કરવાના સમયે કષાય કરવો પડે, અધ્યવસાય બગડે કે લેશ્યા બગડવાથી પાપદોષ-લાગશે. આ પાપો લાગવાથી જો ઇશ્વર જ પાપથી ભારે થઇ જશે તો પછી શું થશે ? અને ઈશ્વર દરરોજ કેટલા પાપની સજા આપશે ? જો લાખો, કરોડોને દરરોજ પાપના ફળની સજા કરે તો ઇશ્વરને દરરોજ કેટલા પાપ લાગે ? જેવી રીતે પોલીસ અથવા જેલર કોઈ અપરાધી ચોરને કોરડા, હંટર, ચાબુક મારે અથવા ઘોડાગાડી ચલાવવાવાળા જેવી રીતે ઘોડાને ચાબુક મારે છે તો શું મારવાના સમયે ક્રૂરતા નહિ વધે ? ગુસ્સો નહિ આવે ? અધ્યવસાય-લેશ્યા વિકૃત અશુભ નહિ થાય ? અને થશે તો ઇશ્વરને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલું પાપ લાગશે? જો ઈશ્વર આટલા પાપોથી ભારે થશે તો તેમના પાપના ફળની સજા કોણ આપશે? પછી તમે બીજા ઈશ્વરને ફળ દેવાવાળાના સ્વરૂપમાં કલ્પના કરીને માનશો તો પણ તેમના પાપની સજા માટે ત્રીજા ઈશ્વરને માનવા પડશે. આ ત્રીજા ઈશ્વરના પાપના ફળને પણ ચોથા ઈશ્વર, અને ચોથા માટે પાંચમા ઈશ્વરને, એમ સો, હજાર લાખ, કરોડ, અસંખ્ય અને અનંત ઈશ્વરની કલ્પના કરવી પડશે. આવી રીતે ઈશ્વરનું સ્વરૂપ ખરેખર બદલાય જશે. કોઈ નિશ્ચિત સ્વરૂપ નહિ રહે. તો પછી આપણે કોની ઉપાસના કરીશું? પછી આવા પાપથી ભારે થયેલા ઈશ્વરની ઉપાસના કરવાનું મન જ નહિ થાય. વાત પણ સાચી છે. આવા પાપથી ભારે થયેલા ઈશ્વરની ઉપાસના કોણ કરે? તો તો પાપથી ભરેલ લાખો લોકો સંસારમાં છે તેઓની જ ઉપાસના કેમ ન કરીએ? આવી રીતે ફરી મનુષ્યને ઈશ્વર માનવાની મુશ્કેલી ઉભી થશે. ફરી ઈશ્વરના અસ્તિત્વ માટે મુશ્કેલી ઉભી થશે. ઈશ્વરનું કોઈ સ્વરૂપ નહિ રહે. આવું સ્વરૂપ માનીએ તો પરમાધામીને પણ ઈશ્વરના સ્વરૂપમાં માનવા પડશે. કારણ કે તે પરમાધામી બધાને પાપની સજા દેવાવાળા છે. તે પરમાધામી ખરેખર ઈશ્વરના સ્વરૂપમાં સિદ્ધ થશે. પણ ફરી તે યુક્તિ બધા લગાવશે. પરમાધામીને પણ પાપ તો લાગે જ છે. તો પછી તેના પાપની સજા દેવાવાળા કોને માનવા? શું બીજા પરમાધામીને માનવા? નહિ, કારણ પરમાધામી મરીને ફરી પરમાધામી નથી બનતા અને ફરી તરત નરકમાં નથી આવતા. તે તો અંડગોલિક મનુષ્ય બનીને સમુદ્ર કિનારે ઉત્પન્ન થાય છે. મચ્છીમાર તેને પકડીને ઘંટીમાં ઘઉંની જેમ દળે છે. તો શું પરમાધામીને તેના પાપની સજા દેવાવાળા મચ્છીમાર છે. તેમ માનવું? તો પછી મચ્છીમારને કોણ સજા આપશે? તેને તેના પાપના ફળની સજા દેવાવાળા કોને માનવા? પછી તમે કહેશો ઈશ્વરને! ઈશ્વરને પાપ લાગ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



વાથી સજા દેવાવાળા કોણ ? ફરી પરમાધામીને ? આવી રીતે પરમાધામીને ઇશ્વર માનવાથી આપત્તિ આવી પડે અને પરમાધામીનું રૂપ સ્વરૂપ તો કેવું દેખાય છે તે ચિત્રમાં જુઓ. તે તો નરક પૃથ્વીમાં રહે છે. પછી વૈકુંઠની સત્તા ઉડી જશે. આવી રીતે અનેક દોષોથી ઇશ્વરનું સ્વરૂપ દુષિત થશે. આથી સૌથી સારો નિર્દોષ પક્ષ એ છે કે ઇશ્વરને આપણા પાપની માફી દેવાવાળા કે પાપની સજા દેવાવાળા ન માનવા. 'કર્મસત્તા' ને જ માનીએ તો જ બધા દોષો દૂર થશે. કોઈ આપત્તિ નહિ રહે.

## કર્મસત્તાનું સ્વરૂપ

કર્મસત્તા કોઇ ઇશ્વર અથવા મનુષ્યના આકાર સ્વરૂપમાં નથી. આ કોઈ ઇશ્વરનું બીજુ પર્યાયવાચી નામ નથી. અને જગન્નિયતાનું વૈકલ્પીક નામ નથી. આ કોઈ ઉપર વૈકુંઠમાં રહેવાવાળી, કે નરકમાં રહેવાવાળી, કે પરમાધામીના રૂપમાં રહેવાવાળી કોઈસત્તાનું નામ નથી. આથી કર્મસત્તાને પરમાધામી ન માનો. અને તેનો પોલીસ રૂપે કે જેલર કે મનુષ્યના રૂપમાં આકાર વિશેષ નથી તેવું માનવામાં ઘણી ભૂલ છે. હવે જ્યારે ઇશ્વરાદિ સ્વરૂપમાં કર્મસત્તા નથી. તો કર્મસત્તાની પાસે મને માફ કરો, મને ક્ષમા કરો તેવી માફી માંગો તે પણ યોગ્ય નથી. કર્મસત્તાને કોઈ પાપ લાગવાનો સંભવ નથી. તે નરકમાં રહેતી નથી, તે વૈકુંઠમાં રહેતી નથી, આ ક્યાંય પણ રહેતી હોય તો કર્મ કરવાવાળાના આત્મા સાથે જ રહે છે અને તે પણ આત્મા કર્મ પ્રગતિ કરે તોજ રહે છે નહિતર નહિ. મોક્ષમાં રહેલ સિદ્ધાત્મા–મુક્તાત્મા કોઇ પુન્ય પાપની પ્રવૃત્તિ કરતા નથી. તેથી તેમને કર્મ લાગવાનો કોઇ પ્રશ્ન જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. આથી કર્મસત્તા કોઈ સર્વોપરી સત્તા નથી જે પોતાનું ધાર્યું કરી શકે. મુક્તાત્માની વાત છોડો. આજ આપણે કોઈ પાપ ન કરીએ તો આપણને પણ કર્મ નહિ લાગે. અને જો સાધુ-સંત-મહાત્મા પણ જો આ પ્રકારે પાપ કર્મ કરશે તો નિશ્ચિત સ્વરૂપમાં તેમને પણ પાપ કર્મ લાગશે. જીવ અનાદિ અનંતકાળથી કર્મના અજબ ચકરાવામાં પરિભ્રમણ કરી રહ્યો છે. "કર્મ નચાવે તિમ હી નાચત..." સમસ્ત વિશ્વના વિશાલ ધરાતલ ઉપર અવલોકન કરતા અનેક પ્રકારની વિષમતા વિવિધતા અને વિચિત્રતા નજરે પડે છે. એક રાજા બીજો રંક, એક ગવર્નર તો બીજો તવંગર, એક અમીર તો બીજો ગરીબ, એક સુખી તો એક દુઃખી વગેરે અનેક પ્રકારની વિષમતા અને વિચિત્રતા સંસારમાં જોવા મળે છે. એક જ છોડમાં રમણીય ગુલાબ છે અને અણીદાર કાંટા પણ છે. એક પથ્થર કાળો છે તો બીજો હીરા તરીકે છે, એકેન્દ્રિય થી પંચેન્દ્રિય મનુષ્ય સુધી ચારે ગતિમાં વિચિત્રતા જોવા મળે છે. તેનું કારણ છે "કર્મસત્તા". જીવ રાગદ્વેષાદિ પ્રવૃત્તિથી શુભ કે અશુભ સારી કે ખરાબ જે જે પુન્ય પાપની પ્રવૃત્તિ કરે છે તે અનુસાર કર્મ બંધાય છે. આ કર્મસત્તાનો જન્મ ક્યાં થયો ? પાપ પ્રવૃત્તિમાંથી થયો છે. આથી જીવ પાપ કરીને આ કર્મસત્તાને જન્મ આપે છે. આ પાપના પ્રકાર ૧૮ છે. જેનું વર્ણન આગળના વિવેચનમાં ઘણું કર્યું છે.

અહિ કાર્ય કારણ ભાવ સંબંધ છે. જન્ય-જનક ભાવ સબંધ છે. માટી કાર્ય છે ઘડો કારણ છે. અગ્નિ જનક છે ધુમાડો જન્ય છે. તેવી રીતે પાપ પ્રવૃત્તિ જનક પણ છે અને કર્મ જન્ય છે. પાપપ્રવૃત્તિ કારણનો મુખ્ય કર્તા જનક જીવ પોતે છે. જીવ જન્ય કર્મ છે. હવે મારા દ્વારા કરેલા પાપથી ઉત્પન્ન થયેલ કર્મ મારા કર્મ કહેવાશે. તે બીજાને નહિ લાગે, ને બીજાના નહિ બને. અને બીજાના નિમિત્તે જો પાપ કરીએ અને કર્મ લાગે તો પણ તે જીવને પોતાને જ ભોગવવું પડશે. બરાબર જ કહ્યું છે કે

पुरुषः कुरुते पापं बन्धु निमित्तं वपुर्निमित्तं वा ।
वेदयते तत्सर्वं नरकादौ पुनरसावेकः ॥

સગા-સંબંધી, ભાઈ આદિના નિમિત્તે અથવા પોતાના શરીરના નિમિત્ત કારણથી જે કોઈ જીવને જેના નિમિત્તે પાપ કર્મ બંધાય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે બધા કર્મની સજા ભોગવવાના સમયે તે એકલો જ ફળ ભોગવે છે, દુઃખ પામે છે. આથી આપણા સુખ દુઃખ ના કર્તા આપણે પોતે જ છીએ. કહ્યું છે કે

जानामि पापं न च मे निवृतिर्जानामि पुण्यं नच मे प्रवृत्ति ।
केनापि भूतेन हृदि स्थितेन, व्यादिश्यते यत्तदहं करोमि ॥

દુર્યોધન મહાભારતમાં ઉપરોક્ત શ્લોક બોલતા કહી રહ્યો છે કે હું પાપને જાણું છું છતાં પણ હું પાપથી નિવૃત્ત થઈ શકતો નથી અને પુન્ય કાર્યને પણ જાણું છું છતાં પણ તેમાં મારી પ્રવૃતિ નથી થતી. એવું લાગે છે કે હૃદયમાં અર્થાત્ શરીરમાં રહેલા કોઈ દ્વારા જે કાંઈ કરાવાય છે કે હું કરું છું. મહાભારતમાં ઉન્મત પાત્ર દુર્યોધન માત્ર આત્મ તુષ્ટિ પ્રમાણ માનવાવાળા અન્ય કોઈ આત્મા આદિ તત્વને માનતો નથી. ત્યાં 'દેવ' શબ્દનો પ્રયોગ કર્યો છે. "केनापि देवेन" પાઠ છે, હું જ દેવ છું. અર્થાત્ પુન્યમાં પ્રવૃત્તિ અને પાપથી નિવૃત્તિ નથી કરી શકતો. આદિ ચાર્વાક નાસ્તિકોનો મત લઈએ તો દેહાત્મ-વાદિ ચાર્વાક નાસ્તિકોનું કહેવું છે કે પુન્ય પાપની પ્રવૃત્તિ–નિવૃત્તિ નથી હોતી તેમના મને શરીર જ આત્મા છે. પંચભૂતાત્મક આત્માને માનવાવાળા ચાર્વાક કહે છે કે અંદર રહેલા કોઈ ભૂતની આજ્ઞાઅનુસાર તે જે કરાવે છે તે હું કરું છું, પરંતુ આ પક્ષ પણ સાચો લાગતો નથી. કારણ કે શરીરને જ આત્મા માની લીધો અને તે પંચભૂતાત્મક છે તો પછી શરીર અતિરિક્ત અર્થાત્ આત્માતિરિક્ત અન્ય કોણ છે જે અંદર રહીને કાંઈ કરાવે છે ? નહિ કોઈ અલગ અદશ્ય સત્તા તો ચાર્વાક તેને પણ માનતો નથી તો પ્રશ્ન જ ક્યાં રહ્યો ?

આથી કર્મસત્તાનો અર્થ બરાબર સ્પષ્ટ અને સ્વચ્છ કરીએ તો પુન્ય તત્વ હું જાણું છું" તો પણ પ્રવૃત્તિ કરી શકતો નથી અને પાપ તત્વને જાણું છું છતાં પણ તેમાંથી નિવૃત્ત નથી થઈ શકતો. કારણ અંદર રહેલું કોઈ તત્ત્વ (કર્મતત્ત્વ) કર્મસત્તા જે કરે છે, જેવું કરાવે છે તેવું હું કરું છું. આથી કર્મસત્તા પ્રબળ તત્ત્વ છે.

**કરેલા પાપકર્મની સજા દેવાનું કામ–કર્મસત્તાનું**

કર્મસત્તાનું સંચાલન અને નિયંત્રણ કોઇ ઇશ્વર નથી કરતા. એક માત્ર જીવ પોતાના રાગદ્વેષની પ્રવૃત્તિ અનુસાર પુન્ય–પાપની પ્રવૃત્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે છે. તે અનુસાર તેને કર્મ લાગે છે. જેવી રીતે લોહચુંબકમાં ચુંબકીય શક્તિ છે. અને તેની આજુબાજુ બહાર રહેલા લોહકણોને ખેંચીને પોતાની સાથે જોડી દે છે. તેમ આત્મામાં પડેલી રાગદ્વેષની પ્રવૃત્તિને કારણે આંદોલન થાય છે. ત્યારે જીવાત્મા બહાર આકાશ પ્રદેશમાં રહેલા કાર્મણ વર્ગણાના જડ પુદ્ગલ પરમાણુના જથ્થાને ખેંચે છે. અને પોતાના હેતુ અનુસાર આત્માની સાથે એક રસ કરીને બાંધે છે. જેમ દૂધ–પાણી મળીને એકરસ થઇ જાય છે. અથવા અગ્નિ અને લોઢું મળીને એક રસ થઇ જાય છે. તેવી રીતે આત્મા અને કર્મ એકરસ થઈ જાય છે. ત્યારે તે કર્મની સંજ્ઞા પામે છે. આથી તે સ્પષ્ટ થઇ ગયું કે કર્મ જડ તત્ત્વ છે, અચેતન તત્ત્વ છે અને આત્મા એને જ ખેંચીને કર્મ બનાવ્યા છે. હવે તેમાં આર્તરૌદ્રધ્યાનના કષાયના અને મન–વચન કાયાના શુભાશુભ યોગ અને લેશ્યા અનુસાર અધ્યવસાયના પ્રમાણમાં જેની જેટલી માત્રા હશે તેવો કર્મ બંધ થશે અને જેવી તથા જેટલી કષાયની માત્રા તેવી કર્મ બંધની ઓછી વધુ સ્થિતિ (Time Lmieit) થશે. જેવી રીતે **R. C. C.** ના મકાન બાંધતા સમયે સિમેન્ટ કેટલી મજબૂત છે? કેટલા પ્રમાણમાં છે? તેના ઉપરથી થાંભલાની સમય મર્યાદા (આયુષ્ય) નક્કી થશે. અર્થાત્ ત્યાં સુધી તે ટકશે. અંતમાં તે વિખરાય જશે, નષ્ટ થઈ જશે. તેવી રીતે સિમેન્ટ અર્થાત્ કાર્મણવર્ગણાના જડ પુદ્ગલ પરમાણુઓનો જથ્થો અને પાણીની જગ્યાએ–અધ્યવસાય કે લેશ્યાઓની, કષાયાદિની તરતમતા અનુસાર રસ, આનાથી આત્માની સાથે એકરસ બનીને બાંધેલા કર્મ (જો કે જડ છે) પોતાની કાળ–મર્યાદા (Time Limit) સ્થિતિ બનાવીને આત્માની સાથે ચોંટીને રહેશે, બંધાઇને રહેશે. શરાબ પીધા પછી જેવી રીતે થોડીવારમાં નસો ચડવા લાગે છે તેવી રીતે કર્મનો બંધ થયા પછી થોડા નિર્ધારીત સમય મર્યાદાની અનુસાર સ્થિતિ બંધમાં પડેલા કર્મ પોતાનો સમય પાકતા ઉદયમાં આવીને અસર કરશે. પોતાનો પ્રભાવ દેખાડશે. અર્થાત્ સારી ખરાબ અસર કરશે.

આપણે એમ પણ કહી શકતા નથી કે જડ પદાર્થ જીવ પર કોઈ અસર નથી કરતા? એમ પણ થતું નથી. બ્રાહ્મીના સેવનથી બુદ્ધિ–સ્મૃતિની ક્ષમતા વધે છે. મદિરા (શરાબ) પીવાથી નશો ચડે છે. શરાબી જેમ તેમ બોલે છે. તો શું જડ દ્રવ્યની ચેતન આત્મા પર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસર પ્રભાવ નથી ? જરૂર છે. તેવી જ રીતે જેવા કર્મ બાંધે છે. તેવા કર્મ પોતાનો સમય પાકતા ઉદયમાં આવતાં સુખી દુઃખી કરે છે જેવી રીતે વીડિયોમાં એક કેસેટ ફરી રહી હોય છે તેના કારણે જે જે દશ્યો પડદા પર આવે તથા જે અવાજ આવે છે તે સાંભળવાવાળા સાંભળે છે. અને આંખથી જુએ છે તો તેની અસર થાય છે કે નહિ ? તમે એક દશ્ય જોઇને હસ્યા, અને એક દશ્ય જોઇને રડયા. એક દશ્યમાં ચીસ પાડી, તો આ અસર તમારા પર કેમ થઈ? તમે તો જાણો જ છોકે વીડિયો તો જડ છે. અવાજ, દશ્ય, બધુ જડ છે. હવે તમને હસવું રડવું કેમ આવે છે ? આથી સ્વીકારવું પડશે કે જડ પદાર્થ, નિમિત્તની અસર આત્મા પર અવશ્ય થાય છે, જેવી રીતે કેસેટ ધુમતી જાય છે, ફરતી જાય છે તેવી રીતે એક એક દશ્ય સારૂ–ખરાબ સામે આવતું જાય છે અને તેને જોઇને સાંભળવાવાળા ઉપર સારુ–ખરાબ, સુખદુઃખ હસવા રડવાની અસર કરે છે. વ્યકિત પર કાંઇક અસર કરે છે તેવી રીતે કર્મ જડ હોવા છતાં પોતાનો સમય પાકતા ઉદયમાં આવીને સારી ખરાબ, સુખ દુઃખની અસર દેખાડે છે. હસવાનું–મજા કરાવવાનું આનંદ કરાવવાનું અર્થાત્ સુખી કરાવવાનું કામ પુણ્યકર્મને આભારી છે અને પાપ કર્મના વિભાગમાં દુઃખી કરાવવાનું–રડાવવાનું કામ છે. આથી પાપકર્મના ઉદયથી એવા પ્રકારની પરિસ્થિતિ ઉભી થાય છે તે સજા છે. સજા ને જ ફળ કહે છે. સારાનું ફળ સારુ અને ખરાબનું ફળ ખરાબ જ મળે છે. આ નિર્વિવાદ નિઃસંદેહ સત્ય છે, પરીક્ષાના પેપરમાં પ્રશ્નના ઉત્તર સાચા લખ્યા છે, બરાબર લખ્યા છે તો દુનિયામાં કોઇની તમને નાપાસ કરવાની તાકાત નથી. પરંતુ અટપટ્ટા જવાબ લખ્યા હશે, વિપરીત લખ્યું હશે તો જરૂર નાપાસ થશો. આથી તમારું પાસ થવું, નાપાસ થવું કોઇના હાથમાં નથી તમારા જ હાથમાં છે. તેવી રીતે તમારું સુખી થવું કે દુઃખી થવું તે કોઈ અન્યના હાથમાં નથી. તમારા પોતાના જ હાથમાં છે. જેવું પેપર લખ્યું હોય તેવું જ રિઝલ્ટ આવે છે. તેવી જ રીતે જેવા કર્મ બાંધ્યા છે તેવા જ સુખ દુઃખના ફળ મળે છે. સુખ પ્રાપ્તિનું ફળ પુણ્યકર્મના કારણે હતું, જો કે શુભ, સારા કર્મ છે અને દુઃખનું ફળ પાપકર્મ ઉપર આધારિત છે. જો કે પાપ કર્મ અશુભ છે. અશુભ રીતથી પાપ પ્રવૃત્તિથી બાંધેલ કર્મ હતા એટલે અશુભ હતા અને તે પાપ પ્રવૃત્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૮ પ્રકારની છે. પ્રાણાતિપાત–હિંસા–ચોરી મૈથુન સેવન–વ્યભિચાર–દુરાચાર મહાપરિગ્રહાદિ જેનું વર્ણન આગળની પુસ્તકોમાં કર્યું છે તે ૧૮ પ્રકારની મુખ્ય જાતિઓ હતી. તેના સેવનથી જીવોએ પાપકર્મ ઉપાર્જન કર્યું છે. તેનો ઉદય આવવાથી અશુભ ફળ મળશે, એ કેવી રીતે બની શકે કે જીવો પાપ કરે ને સુખી બને? ના સંભવ જ નથી કર્મ બંધમાં મુખ્ય સહાયક છે.

અધ્યવસાય | કષાય | યોગ | લેશ્યા | ધ્યાનાદિ

→ કર્મબંધ ←

સારા ખરાબ માનસિક પરિણામ (વિચાર) તે અધ્યવસાય કહેવાય છે. ક્રોધાદિ જ કષાય મન–વચન–કાયાના ૩ યોગ અને કૃષ્ણ–નીલ આદિ ૬ લેશ્યાઓ અને આર્ત–રૌદ્ર–ધર્માદિ ૪ ધ્યાન. આથી કર્મની વૃતિ–પ્રવૃત્તિ કર્મબંધમાં કારણ છે. અધ્યવસાયાદિ સારા હશે તો શુભ કર્મનો બંધ થશે અને અશુભ–ખરાબ હશે તો અશુભ–ખરાબ પાપ કર્મનો બંધ થશે.

અધ્યવસાય અશુભ | કષાય અપ્રશસ્ત | યોગ ખરાબ | લેશ્યા ખરાબ | ધ્યાન આર્તાદિ

→ પાપ કર્મબંધ ←

જો અધ્યવસાય–પરિણામ ધારા અશુભ–ખરાબ હોય, ક્રોધાદિ ચાર કષાય અપ્રશસ્ત ભાવના ખરાબ હોય, મન–વચન–કાયાના યોગની પ્રવૃતિ પણ પાપશ્રવથી ભરેલી અશુભ હોય અને વિચારોની તરતમતામાં જો કૃષ્ણ–નીલ–કાપોત ખરાબ લેશ્યા હોય. હલકી વિચારધારા હોય. અને આર્તરૌદ્ર ધ્યાનનો પરિણામ હોય અર્થાત્ આર્તધ્યાનમાં ચિંતા-જનક વિચાર હોય અને રૌદ્રધ્યાનમાં વધારે ખરાબ હિંસાજનક ક્રૂર વિચાર હોય તો સમજવું આ સર્વ પાપકર્મ બાંધવામાં સહાયક કર્મ છે. તેવી રીતે જો સર્વ નિમિત્ત શુભ હોય તો શુભ પુણ્ય કર્મના ઉદયે જીવો સુખદાયિ આનંદદાયિ થાય છે. આથી પુન્યનું ફળ બધાને પસંદ છે, પ્રિય છે. પરંતુ આશ્ચર્ય એ વાતનું છે કે પુન્ય કરવાનું બહુ ઓછા લોકો પસંદ કરે છે. પાપ કરીને સુખી બનવા ઈચ્છે છે. આ કેવી રીતે સંભવે? હું ભલે ને કોઈનું ભલું ના કરું પરંતુ મારું બધા ભલુ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હું ભલે કોઈને દુઃખી કરું પરંતુ બીજા મને સુખી કરે. આ ઉલટી ગંગા શું ચાલી શકે? ના સંભવ જ નથી. આ માન્યતા જ ખોટી છે. આથી પાપ પ્રવૃત્તિ કરવાથી, પાપકર્મનો બંધ કરવાથી તેનો ઉદય આવવાથી તે તે (કર્મો) પાપોની સજા જીવને મળશે.

### કયા કયા પાપસ્થાનોથી કયા કયા કર્મ બંધાય છે?

નવતત્વકારે પાપબંધના ૧૮ પ્રકાર પ્રાણાતિપાતાદિ જ બતાવ્યા છે. આથી તે ૧૮ પ્રકારના પાપસ્થાન કહેવાય છે. જેનું આજ સુધી વર્ણન કરાયુ છે. આપણે પ્રતિક્રમણમાં દરરોજ બોલીએ છીએ તે ૧૮ પ્રકારના પાપસ્થાનકના સેવનથી જે જે પાપકર્મનો બંધ થાય છે. તે મુખ્ય ૮ પ્રકારના છે. પાપકર્મ ૮૨ પ્રકારે ઉદયમાં આવીને જીવોને દુઃખ આપે છે. પાપની સજા આપે છે. જો કે પહેલા બતાવાયા છે. તો પણ ફરી સ્મૃતિમાં આવે એટલા માટે સંક્ષેપમાં ફરી બતાવેલા છે.

૮ કર્મ

૪ ઘાતી કર્મ — ૪ અઘાતી કર્મ

જ્ઞા.ના. દર્શના. મોહનીય અંતરાય — નામ ગોત્ર વેદનીય આયુષ્ય

૫ ૯ ૨૬ ૫ — ૧૦૩ ૨ ૨ ૪

પાપ પ્રકૃતિ— —બધી— — બધી— + ૩ + ૧ +૧ + ૧=૩૭

પાપ કર્મની કુલ પ્રકૃતિ ૪૫ + ૩૭ = ૮૨

પુણ્યની × × .... .... ૩૭ + ૧ + ૧ + ૩ = ૪૨

આ પ્રકારે ૮ કર્મોમાં પુન્યની માત્ર ૪૨ પ્રકૃતિઓ છે જે સુખરૂપ છે. તેનું પરિણામ સારૂ છે. જ્યારે પાપની પ્રકૃતિ ૮૨ છે. તેમાં ૪ ઘાતી કર્મની બધી ૪૫ કર્મ પ્રકૃતિઓ સર્વ પાપ પ્રકૃતિઓ છે. એક પણ સારી નથી. આ બધી ૪૫ સર્વ ઘાતી પ્રકૃતિઓ છે. આથી એક વાત નિશ્ચિત થઈ ગઈ કે જે જીવ કોઈપણ પાપની પ્રવૃતિ કરશે તો પાપની ૪૫ પ્રકૃતિઓ બંધાશે જ, પણ પાપની પ્રવૃત્તિ કરવાવાળા અઘાતી કર્મની સર્વપ્રકૃતિ નહિ બાંધે, કેમ કે અઘાતી કર્મમાં ૪૨

૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુણ્યની પ્રકૃતિઓ છે. તે નહિ બાંધે. હવે રહી પાપકર્મની પ્રકૃતિ અઘાતી કર્મમાં પાપની ૩૭ કર્મ પ્રકૃતિઓ છે. જે અશુભ ને નામકર્મની ૩૪, ગોત્રની ૧, વેદનીયની-૧, આયુષ્યની-૧ આવી રીતે ૩૭ પાપકર્મની પ્રકૃતિઓનો ઉદય દુઃખદાયિ છે.

કર્મ બંધ ઉદય

- શુભ પુણ્ય કર્મ
  - બંધ ૯ પ્રકારે
  - ઉદય ૪૨ પ્રકારે
- અશુભ પાપ કર્મ
  - બંધ ૧૮ પ્રકારે
  - ઉદય ૮૨ પ્રકારે

આવી રીતે ૯ પ્રકારના બાંધેલ પુન્ય કર્મના ઉદય ફળ સ્વરૂપ જીવ ૪૨ પ્રકારે અને પાપનો બંધ જીવ ૧૮ પ્રકારે કરીને ૮૨ પ્રકારનું ફળ મેળવે છે. આથી ૧૮ પાપસ્થાનકોના સેવનથી પાપપ્રવૃતિથી ૮ પ્રકારે કર્મનો બંધ કરે છે. તો પણ કેવા પાપથી કેવા કર્મનો બંધ થાય છે. તે અહીં જોઈએ.

| ૧૮ પાપસ્થાનક થી | કર્મબંધ |
|---|---|
| ૧ પ્રાણાતિપાત [હિંસા] થી | અશાતા વેદનીય, અંતરાય કર્મ, મોહનીય કર્મ, જ્ઞાના, દર્શના, નીચ ગોત્ર, અશુભ નામકર્મ નરકગતિ આયુષ્ય, આદિ |
| ૨ મૃષાવાદ [જૂઠ] થી | જ્ઞાના. દર્શના. મોહ. અંતરાય, અશુભ નામકર્મ, નીચગોત્ર, નરક, તિ. આયુ, ગતિ, અશાતા વેદનીય |
| ૩ અદત્તાદાન [ચોરી] થી | મોહનીય, નીચગોત્ર, અશાતા વે નરક-તિ-ગતિ, આયુ, જ્ઞાના-દર્શના, અંતરાય આદિ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૪ મૈથુન [વિષય-કામ] થી | વેદ મો., નીચગોત્ર, અશુભ નામ-કર્મ, અંતરાય, જ્ઞાન દર્શન આદિ |
| ૫ પરિગ્રહ [મૂર્છા]થી | મોહનીય, નીચગોત્ર દુર્ગતિ અશુભ નામ, અંતરાય, જ્ઞાના, દર્શના, નરક. તિ. ગતિ અને આયુષ્ય આદિ |
| ૬ ક્રોધ થી | કષાય મો, અંતરાય, જ્ઞાના. દર્શના. દુર્ગતિ, અશુભ નામકર્મ, અશાતા વેદ., |
| ૭ માન થી | દુર્ગતિ, અશુભ આયુષ્ય, નીચગોત્ર |
| ૮ માયા થી | દુર્ગતિ, અશુભ આયુષ્ય, નીચગોત્ર |
| ૯ લોભ થી | દુર્ગતિ, અશુભ આયુષ્ય, નીચગોત્ર |
| ૧૦ રાગ થી | મોહનીય આદિ આઠેય કર્મ. |
| ૧૧ દ્વેષ થી | મોહનીય આદિ આઠેય કર્મ. |
| ૧૨ કલહ [ઝગડા] થી | ક. મોહનીય, નીચગોત્ર, અશાતા વેદ., અંતરાય, અશુભ નામકર્મ દુર્ગતિ, અશુભ આયુ, જ્ઞાના., દર્શના. આદિ. |
| ૧૩ અભ્યાખ્યાન [આરોપ-કલંક]થી | કષાય મોહનીયાદિ, બધા જ્ઞાના., દર્શના., અંતરાય, નીચગોત્ર, અશાતા વે. દુર્ગતિ, અશુભ-આયુ, તથા નામકર્મ આદિ. |
| ૧૪ પૈશુન્ય [ચાડી] થી | ” ” ” ” ” |
| ૧૫ રતિ-અરતિ [હર્ષ-શોક] થી | ચારિત્ર મોહ.,જ્ઞાના., દર્શના, નીચ-ગોત્ર, |
| ૧૬ પરપરિવાદ [પરનિંદા] થી | મોહનીય, જ્ઞાના, દર્શના, અંતરાય, નીચગોત્ર, અશાતા, વેદ, દુર્ગતિ, અશુભ નામ અને આયુ, આદિ. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૧૭ માયામૃષાવાદ [દંભ] થી | કષાય મોહનીય આદિ મોહ, અંતરાય, નીચગોત્ર, અશુભ નામ તથા આયુ. જ્ઞાના. દર્શના., અશાતા વે. આદિ. |
| ૧૮ મિથ્યાત્વશલ્ય [અશ્રદ્ધા] થી | જ્ઞાના., દર્શના., મોહ., અંતરાય નીચગોત્ર, અશાતાવેદ, અશુભ નામકર્મ અને દુર્ગતિ, અશુભ આયુષ્યાદિ આઠેય કર્મ. |

આવી રીતે ટુંકમાં જોઈશુ તો ૧૮ પ્રકારના પાપસ્થાનકના સેવનથી પાપાચારની પ્રવૃત્તિથી જીવ આઠ કર્મમાંથી અશુભ પાપ કર્મની મુખ્ય પ્રકૃતિઓ બાંધે છે. તેમાં સૌથી વધુ બાંધવાવાળી કર્મ પ્રકૃતિઓમાં આઠ અશુભ કર્મની પ્રકૃતિઓનો બંધ થાય છે. તો પણ મોહનીયકર્મનો બંધ વિશેષ પ્રકારે થાય છે. ચાર ઘાતી કર્મમાં ૪૫ સર્વ ઘાતીકર્મની પ્રકૃતિઓ જે પાપની જ પ્રકૃતિઓ છે. તેનો તો બંધ જરૂર થાય જ છે અને ચાર અઘાતી કર્મની પ્રકૃતિઓમાંથી પુન્ય કુર્મની શુભ—સારી પ્રકૃતિઓને છોડીને અશુભ પાપની પ્રકૃતિઓનો બંધ પાપસ્થાનકોનું સેવન કરવાવાળા અવશ્ય કરે છે. હા કયારે કોઈ વધારે અને કોઇ ઓછી એવી રીતે કોઇ કર્મની ઓછી તો કોઈ કર્મની વધારે પ્રકૃતિનો બંધ થાય છે.

## પાપ કર્મનો ઉદય ૮૨ પ્રકારે :—

૧૮ પ્રકારે બાંધેલા પાપકર્મોની જે અશુભ પ્રકૃતિઓ બાંધી છે. તેનો સ્થિતિ બંધ પડે છે. તેની વચ્ચેનો અબાધાકાળ નીકળતા તે પ્રકૃતિઓનો ઉદય થશે અને તે અશુભકર્મની પાપ પ્રકૃતિઓ પોતાની મેળે ઉદયમાં આવવાથી પોતાનું ફળ દેખાડે છે, આ ૮૨ પ્રકારની અશુભ પાપ પ્રકૃતિઓ જે ૧૮ પ્રકારના પાપોના સેવનથી બાંધે છે. તેનો અશુભ ઉદય પણ ૮૨ પ્રકારે થાય છે. તે આ પ્રકારે છે.

नाणंतराय दसगं, नव बीए नीअसाय मिच्छत्त ।
थावरदस निरयतिगं, कसायपणवीस तिरिय दुगं ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इग–बि–ति चउ जाइओ कुखगइ उवघाय हुंति पावस्स ।
अपसत्थं वन्न चउ, अपढम संघयण संठाणा ॥

જ્ઞાનાવરણીય કર્મની ૫, દર્શનાવરણીય કર્મની ૯, અંતરાયકર્મની ૫, નીચગોત્ર, અશાતા વેદનીય, મિથ્યાત્વ મોહનીય કર્મ, સ્થાવર દશક–૧૦, નરકત્રિક–૩, કષાય ૨૫, તિર્યંચદ્વિક એમ કુલ ૬૨ પ્રકૃતિઓ અને એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, ચાર જાતિઓ, અશુભ વિહાયોગતિ, ઉપઘાત નામકર્મ, અશુભવર્ણાદિ–૪, પ્રથમ સિવાયના ૫ સંઘયણ અને ૫ સંસ્થાન આવી રીતે ૨૦ અને ઉપરની ૬૨ [૬૨+૨૦=૮૨] આદિ પ્રકૃતિઓ પાપની અશુભ ગણાય છે. અર્થાત્ ૧૮ પ્રકારના પ્રાણાતિપાત હિંસા] આદિથી બંધાયેલા પાપોના ફળ જે દુઃખકારક–દુઃખરૂપ મળે છે. તે આ ૮૨ પ્રકારથી મળે છે. બંધાયેલી ૮૨ પ્રકૃતિમાંથી જુદા જુદા જીવોએ જેને જેટલી બાંધી છે. તેમને તેટલી ઉદયમાં આવે છે. અને ઉદયમાં આવ્યા પછી જીવને તેનું દુઃખ સહન કરવું પડે છે. કેમ કે ૮૨માંથી એક પણ પ્રકૃતિ શુભ નથી, સુખકારક નથી, પુન્યકારક નથી, ઉદાહરણ માટે તમેજ વિચારો જો જીવને પાંચે ઈન્દ્રિય પુરી ન મળે તેના બદલે એક બે ઓછી મળે અર્થાત્ બેઇન્દ્રિયપણું કે તેઈન્દ્રિયપણું મળે જેમાં કીડિ મકોડાનો જન્મ મળે તો તે સુખકારક છે? ક્યારે પણ નહિ. જેવી રીતે નરક ગતિ મળે અથવા તિર્યંચમાં પશુપક્ષીની ગતિ મળે તો સુખરૂપ લાગશે ? ના, આ સંભવ નથી. શું અજ્ઞાનનો ઉદય થશે તે સારું છે? અથવા વ્યાખ્યાન સાંભળવાના સમયે ઊંઘ આવે તેને શું સુખરૂપ માનશો ? તેવી રીતે ક્રોધાદિ કષાયોનો ઉદય વધુ હોય તે સારૂં છે. ના ૮૨ કર્મ પ્રકૃતિઓમાંથી એક પણ કર્મ પ્રકૃતિ સારી નથી. જીવને માટે સુખકારક શુભ નથી. આ બધી પાપની પ્રકૃતિઓ છે. જે દુઃખદાયિ, કષ્ટદાયિ, અશુભ છે.

## જ્ઞાનાવરણીય કર્મની ૫ પ્રકૃતિઓ :–

જ્ઞાન તથા જ્ઞાની ની વિરાધના કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન આ પાંચ જ્ઞાનોનું જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવવું અને જીવનું અજ્ઞાની બનવું, અલ્પજ્ઞ બનવું તે અશુભ પાપકર્મ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અંતરાય કર્મની ૫ પ્રકૃતિઓ :-

અંતરાયકર્મ વિઘ્નરૂપ છે. દાન–લાભ–ભોગ–ઉપભોગ અને વીર્ય–શક્તિ આ પાંચ લબ્ધિઓ–શક્તિઓમાં વિઘ્ન આવે છે અથવા ન મળે તેનો ઉદય અશુભ દુઃખદાયક છે.

## દર્શનાવરણીય કર્મની ૯ પ્રકૃતિઓ

ચક્ષુ–અચક્ષુ–અવધિ અને કેવળ દર્શનાવરણીય આ ચાર અને નિદ્રા, નિદ્રા–નિદ્રા, પ્રચલા, પ્રચલા–પ્રચલા અને થીણદ્ધિ આ પાંચ પ્રકાર નિદ્રાના છે. આ નવ પ્રકૃતિઓ અશુભ છે. ઓછું દેખાય, પુરુ ન દેખાય, પુરુ ન સંભળાય ઈન્દ્રિયો પૂર્ણ ન મળે, ઈન્દ્રિયો નબળી મળે, ચાલતા ચાલતા ઉંઘ આવે, અભ્યાસ–પાઠ–વ્યાખ્યાનમાં ઉંઘ આવે ઈત્યાદિ નવ પ્રકારની અશુભ દુઃખરૂપ સ્થિતિ જીવને પ્રાપ્ત થાય છે.

## નીચગોત્ર કર્મ

આ કર્મના ઉદયથી જીવને નીચ કુળમાં, હલ્કા કુળમાં જન્મ મળે, હરિજન, ભંગી, ચમાર, ચંડાળ, કષાઈ, મચ્છીમાર, વેશ્યાના કુળમાં જન્મ મળે. આ ક્યારે પણ સુખદાયિ નથી. આથી આવા કુળમાં જન્મ કરેલા પાપની સજા છે, દુઃખદાયિ છે.

## અશાતવેદનીય કર્મ

શાતાનો અર્થ છે સુખ અને તેનાથી વિપરીત અશાતાનો અર્થ છે દુઃખ વેદનીયમાં વેદનો અર્થ છે જાણવું, અનુભવવું, વેદનાનો અર્થ દુઃખ, પીડા અને તેનાથી અશાતા વેદનીય કર્મ બંધાય છે. અર્થાત આધી, વ્યાધી–ઉપાધી શારીરિક રોગોની સ્થિતિ, રોગી શરીર કેટલાય રોગોથી શરીર ઘેરાયેલું હોય તો સમજવું કે આ પાપની સજા છે, આથી પ્રાણાતિપાત–હિંસાદિ પાપોને કરવાવાળા સુંદર નિરોગી સ્વસ્થ શરીર ક્યારે પણ મેળવી શકતા નથી. તેમને કરેલા પાપની અનુસાર દુઃખદાયિ રોગોથી ઘેરાયેલું શરીર મળે છે. અહીં પણ પાપની સજા ઘણી ભારે છે. કેટલાય બિચારા ભયંકર રોગોની વેદના અનુભવે છે. જાણે નરકની પીડા ભોગવતા હોય તેટલી તીવ્ર વેદના ? કેટલા ભયંકર રોગ ? અને તેમાં પણ એક સાથે ૪–૬ રોગ, ૫–૧૦ રોગ પણ ભોગવે છે. આ કરેલા પાપ કર્મોનું જ ફળ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મિથ્યાત્વ મોહનીય

આ ૧૮મું પણ પાપ છે. આવી પાપ પવૃત્તિથી ઉત્પન્ન થયેલ મિથ્યાત્વ મોહનીય કર્મ છે. તેના ફળ સ્વરૂપે જીવને સત્યનું સ્વરૂપ, સાચું તત્વ અને પદાર્થનું તથા સાચા દેવ, ગુરુ, ધર્મનું વાસ્તવિક સ્વરૂપ માનવામાં આવતું નથી. સાચી શ્રદ્ધા થતી નથી. ઉલ્ટું જ્ઞાન થાય છે. અશ્રદ્ધા થાય છે. આ કર્મના ઉદયને કારણે થાય છે. જગતના તત્ત્વજ્ઞાનને સાચુ સમજી શકાતુ નથી અને નાસ્તિક બનીને અશ્રદ્ધાળુ, અધર્મી બનીને ફરે છે. આ પણ બાંધેલા કર્મનું ફળ છે. મિથ્યાત્વ પાપસ્થાનના સેવનથી કર્મ બાંધે, ફરી આ કર્મના ઉદયથી મિથ્યાત્વનું પાપ બાંધે છે. આથી આ મહાપાપ સર્વથા ત્યાજ્ય છે.

## નરક ત્રિક

ત્રિક નો અર્થ ત્રણ= નરકગતિ, નરકાનુપૂર્વી અને નરકાયુષ્ય. આ ત્રણ દુઃખરૂપ પાપના ફળ સ્વરૂપે છે.

૨૫ કષાય

- ૧૬ મૂળ કષાય
  - ક્રોધ–૪
  - માન–૪
  - માયા–૪
  - લોભ–૪
- ૯ નો કષાય
  - ૩ વેદ
  - ૬ હાસ્યાદિ

અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન આ ચાર પકારના, ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાય સોળ પ્રકારના હોય છે. ક્રોધ, માન, માયા અને લોભ આ ચારેયને ૧૮ પાપસ્થાનકોમાં ૬, ૭, ૮, ૯ માં પાપસ્થાનક ક્રમમાં પાપોના રૂપમાં ગણ્યા છે. તે પાપોના સેવનથી આ કષાયમોહનીય કર્મ પ્રકૃતિઓનો બંધ થાય છે. ફરી તેના ઉદયે ફરી ક્રોધાદિ પાપો થાય છે ને ફરી કર્મ બંધ થાય છે. આ રીતે કર્મ અને પાપનું વિષચક્ર ચાલે જ છે તેવી રીતે નોકષાયનું ચક્ર છે. 'નો' નો અર્થ છે સહાયક. આથી મૂળ કષાયોને જગાડવાવાળા નોકષાય છે. ત્રણ વેદમાં સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેદ છે. જેના કારણે વિષયવાસના કામવૃતિ ભડકે છે. સ્ત્રીને પુરુષ સાથે, પુરુષને સ્ત્રી સાથે તેમજ નપુંસક ને ઉભય સાથે કામક્રીડા કરવાની ઇચ્છા થાય છે. અતિવિષય વાસના આ મૈથુનનું ચોથુ પાપસ્થાન જ છે. આનાથી ફરી આ પ્રકારનું કર્મબંધ થાય છે. હાસ્યાદિ છ માં હાસ્ય, રતિ અરતિ, ભય, શોક અને જુગુપ્સા છે. અતીશય હસવું રડવું, શોક કરવો, પ્રિય–અપ્રિય, ડર લાગવો. દુર્ગંચ્છા ધારણ કરવી તે પણ પાપ કર્મનો ઉદય છે. આત્માએ સ્વભાવમાં સ્વસ્થ–લીન, રહેવું જોઈએ. તેને બદલે આ પાપોના ચક્કરમાં ફસાય જાય છે. આવી રીતે આ કષાયોનો ઉદય થવો તે પણ પાપની સજા છે.

## તિર્યંચ દ્વિક

દ્વિકનો અર્થ છે બે. તિર્યંચ પશુ–પક્ષીની ગતિ અને આનુપૂર્વી એ બે છે. જે પાપ કર્મ અનુસારે જીવને પશુ પક્ષીની યોનિમાં જન્મ લેવા પડે છે.

## એકેન્દ્રિયાદિ જાતિઓ

એકેન્દ્રિયમાં જીવને પૃથ્વીકાય પથ્થર–માટી, ધાતુ તથા રત્નાદિમાં જન્મ મળે છે તથા અપકાય–પાણીમાં, અગ્નિકાયમાં, વાયુકાયમાં, તથા વનસ્પતિકાયમાં ઝાડ–પાન રૂપમાં જન્મ મળે છે, આ પણ પાપ કર્મનો ઉદય છે. તેવી રીતે બેઇન્દ્રિયમાં શંખ–કોડા–અળસીયાનો જન્મ. તેઈન્દ્રિયમાં કીડિ, માંકડ, જૂ, ઇયળ, ધનેડા આદિનો જન્મ મળે. ચઉરિન્દ્રિયમાં માખી–મચ્છરાદિનો જન્મ મળે તે પણ પાપ કર્મની સજા છે. જીવાત્માને આવા જન્મમાં માત્ર દુઃખ જ ભોગવવું પડે છે. ત્યાં શું સુખ છે? ઇન્દ્રિયો પણ પુરી નથી મળતી.

## અશુભ વિહાયોગતિ

લોકોની ચાલ પણ સારી ન હોય, ઉંટ–ગધેડા જેવી ચાલ–ગતિ મળે છે. આ પણ સારું નથી.

## અશુભ વર્ણ–ગંધ–રસ–સ્પર્શાદિ


શરીરના રૂપ–રંગ પણ જોઇએ તેવા –સુંદર ન મળે તે અશુભ છે. વર્ણ–રંગ, શરીરનો રંગ કાળો, અપ્રિય ચહેરો, સૌંદર્યહીન શરીરની પ્રાપ્તી, દુર્ગંધ યુક્ત શરીર, કડવો રસ, તથા રૂક્ષ ભારે, ઠંડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા ખરબચડી ચામડીનો સ્પર્શ પ્રાપ્ત થવો આ બધું પાપ કર્મનો ઉદય છે. આ પાપનું ફળ છે.

## પ્રથમ રહિત ૫ સંઘયણ

સંઘયણનો અર્થ શરીરની મજબૂતી, હાડકાનું સંધાણ, સમય અનુસાર ૬ પ્રકારના છે. પ્રથમ વજ્ર—ઋષભનારાચ સંઘયણ જ મોક્ષ પ્રાપ્તિમાં




સહાયક છે. આથી આ સંઘયણવાળો જીવ જ મોક્ષમાં જઇ શકે છે. અન્ય પાંચ સંઘયણવાળા નહિ. આથી આ પાંચ સંઘયણને પાપનું ફળ ગણે છે. આજે આપણને બધાને છેવટ્ઠુ સેવાર્ત સંઘયણ છે. એક હાડકાથી બીજા હાડકાના છેડે માત્ર એકબીજાના સ્પર્શ માત્રથી જોડાયેલા હોય છે. બીજી કોઈ મજબૂતી નથી. જેવી રીતે ઉપરના ચિત્રમાં બધા પ્રકાર બતાવવામાં આવ્યા છે. તેમાં સ્પષ્ટ સમજાશે. પહેલાને છોડીને બાકીના ૫ સંઘયણ પાપના ફળ રૂપે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




## પ્રથમ રહિત ૫ સંસ્થાન

સંસ્થાનનો અર્થ છે શરીરનો આકાર વિશેષ, સુડોળ શરીરની પ્રાપ્તિ એ પુન્ય પ્રકૃતિ છે. શરીરની આકૃતિ, સુંદર દેખાવ, સુડોળ શરીર મળે તે સારૂ છે. નહિતર ઉલ્ટુ મળે તો પાપનો ઉદય છે તેવા ૬ સંસ્થાન છે. આ ૬માં માત્ર પહેલું સમચતુસ્ત્ર સંસ્થાન જ સારું છે. જે મોક્ષ પ્રાપ્તિમાં સહાયક છે. તે તીર્થંકર આદિને જ પ્રાપ્ત થાય છે. બાકીના પાંચ પાપના પરિણામ રૂપે છે. અત્યન્ત લાંબાપણું અથવા ઠીંગુજી કે વામનરૂપ આ સર્વ બેડોળ છે. પાપકર્મનું ફળ છે. એવા તો કેટલાય જોવા મળે છે બધાજ અંગલક્ષણ રહિત હોય, અને માન સન્માન ઓછુ મળવું તે પાપ કર્મનું ફળ છે.

## સ્થાવર દશકની ૧૦ પ્રકૃત્તિઓ

**(૧) સ્થાવરપણું**–દુઃખ આવે તો તેનાથી બચાવ કરી ન શકે તેવા પૃથ્વી–પાણી આદિના શરીર મળવું તે પાપકર્મનું ફળ છે.

**(૨) સૂક્ષ્મ**–જેના કારણે જીવને અત્યંત સૂક્ષ્મ શરીર મળે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) **અપર્યાપ્ત**—જેના કારણે જીવ પોતાની ૬ પર્યાપ્તિઓ પૂર્ણ ન કરી શકે અને અપર્યાપ્તા રહે.

(૪) **સાધારણ**—અનંત જીવોને એક સાથે રહેવા માટે એક જ શરીર મળે આ સાધારણપણું છે.

(૫) **અસ્થિર**—જેના કારણે આંખની ભ્રમર, જીભ,દાંત, આદિ અસ્થિર અવયવોની પ્રાપ્તિ થાય છે.

(૬) **અશુભ**—નાભિ નીચેના અવયવોની અશુભતા પ્રાપ્ત થાય છે.




(૭) **દૌર્ભાગ્ય**—જેને જોઈને ઉદ્વેગ થાય, તેનું મુખ જોવાનું કોઈને ન ગમે એવું ભાગ્ય રહિતપણું મળે છે.

(૮) **દુસ્વર**—કાગડા–ગધેડા જેવો ખરાબ સ્વર–કંઠ મળે.

(૯) **આદેય**—જેના કારણે પોતાના વચનની અસર ન થાય. કોઈ આજ્ઞા ન પાળે અને સાંભળે પણ નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૧૦) અપયશ**—સારુ કરવા છતાં, ભલુ કરવા છતાં યશની પ્રાપ્તિ થતી નથી. આ અપયશ કર્મને કારણે સર્વ કાર્યમાં અપયશ પ્રાપ્ત થાય છે.

આવી રીતે થોડા વિસ્તારની સાથે સંક્ષેપમાં બનાવેલી ઉપરોક્ત ૮૨ પાપકર્મની અશુભ પ્રકૃતિઓ છે જે દુઃખદાયિ છે, દુઃખરૂપ છે. જે જોઈને તમને ખ્યાલ આવશે કે કેટલા પ્રકારે જીવોને દુઃખ ઉદયમાં આવે છે. આપણા પોતાના દ્વારા જ બંધાયેલા ૧૮ પ્રકારના પાપ કર્મોના જ ફળ આ ૮૨ પ્રકારે મળે છે. પાપ તમે કરો કે તમારા માટે કોઈ કરે પાપ એ પાપ જ છે. તમે જાતે કરો તો ૧૦૦ % ભાગીદાર અને તમારા માટે કરવામાં આવે તો ૮૦ ટકા ભાગીદાર થાવ છો. પાપ કરવાથી જેવા કર્મો બાંધશો તે તમારે જ ભોગવવા પડશે. કર્મને કોઈ સગા—વહાલાં સાથે સંબંધ નથી. કોઈ ત્યારે તેમાંથી છોડાવવા આવતુ નથી. કોઈ રોગ—દુઃખ મટાડી શકતું નથી. મહાવીર સ્વામીને ખીલા ઠોકાણા તો કોણ છોડાવવા ગયેલ ? તેમણે તો ઇન્દ્રને પણ કહેલું કે 'न भूतो न भविष्यति' દુનિયાનું જ્યોતિષ બદલાશે પણ કર્મ ક્યારેય બદલાતા નથી. અનંતા જીવોને કર્મશાસ્ત્ર લાગુ પડે છે. જ્યોતિષશાસ્ત્ર લાગુ પડતું નથી. જીવ ચારે ગતિમાં ક્યાંય પણ જાય બધે જ પાપ કર્મની સજા મળે છે.

મનુષ્યગતિમાં ૭૦ — દેવગતિમાં ૫૫ અથવા ૫૨

તિર્યંચગતિમાં ૭૯ — નરકગતિમાં ૫૮ પ્રકૃતિ

આ કુલ ૮૨ પાપકર્મની પ્રકૃતિમાંથી કયા જીવને કેટલી કર્મ પ્રકૃતિનો ઉદય થાય છે તે બતાવ્યું છે. એકેન્દ્રિયને ૬૩, બેઇન્દ્રિય જીવોને ૬૩, તેઇન્દ્રિય—ચઉરિન્દ્રિય જીવોને ૬૩ તથા પંચેન્દ્રિય જીવોને ૭૫ પાપકર્મની પ્રકૃતિઓનો ઉદય હોય છે.

જૈનદર્શનના અદ્‌ભૂત અત્યંત સૂક્ષ્મ તથા વ્યવસ્થિત તત્ત્વજ્ઞાન સર્વજ્ઞ કેવલી ભગવંતોએ ફરમાવ્યા છે. આથી જીવે પોતે જે જે પાપ કર્યા છે, જેવા પાપ કર્મ કર્યા છે. તે અનુસાર તેવા અશુભ દુઃખ પામે છે તેવા કર્મને બાંધીને તેના ફળને ભોગવે છે. હવે જ્યારે દીપકની જેમ આટલુ સ્પષ્ટ અને સ્વચ્છ તો પણ જગન્નિયતા ઈશ્વરને પુન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાપના ફળદાતા માનવાની આવશ્યક્તા કયાં રહી ? ઇશ્વર તો એક ઉપાસ્ય—આરાધ્ય તત્ત્વ છે.

## ૧૮ પાપોના દુઃખરૂપ—ફળ—

પ્રાણાતિપાત (હિંસા) આદિ ૧૮ પ્રકારના પાપના સેવનથી જીવો જે પાપકર્મને બાંધે છે તેનો ઉદય આવતા જીવોને કરેલા પાપનું ફળ કેવી રીતે મળે છે ? આ પણ જોઈએ તો વિશેષ રૂપમાં સ્પષ્ટતા મળશે. આથી પાપની સજા કેવી રીતે મળે છે તે બતાવે છે.

## ૧ પ્રાણાતિપાત [હિંસા] થી

કોઈની હિંસા કરવાવાળા, મારવાવાળા પાપી જન્મ જન્માંતરમાં લૂલા—લંગડા, વિકલાંગ, આંધળા, બહેરા, કાણાં, મુખરોગી, કૃષરોગી શરીર, શારીરિક પીડા—વેદના પામે છે. નરક, તિર્યંચની દુર્ગતિમાં જાય છે. પશુ—પક્ષીના અનેક જન્મ લે છે. દાનાદિ લબ્ધિઓ નથી મળતી. નીચ—હલ્કા કુળમાં જન્મ લે છે. સંસારમાં પરિભ્રમણ કરે છે.

## ૨ મૃષાવાદ [જૂઠ]થી

લોકોમાં નિંદા, અપયશ મળે છે. ઈજ્જત નષ્ટ થાય છે, માર પડે છે. જેલમાં જવું, સજા થવી, સગ્રાથી પદભ્રષ્ટ થવું, જન્મટીપ, મુખરોગી, કોઢરોગી હોવું, મુર્ખ થવું ઈત્યાદિ સજા મળે છે અને જીવ દુર્ગતિમાં નીચ કુળમાં જન્મેલું છે.

## ૩ અદત્તાદાન [ચોરી] થી

ચોરીનું ફળ ફાંસી, જન્મટીપ, હાથ પગાદિના અંગોનું છેદન—ભેદન નરકમાં જવું, તિર્યંચગતિમાં પશુ—પક્ષી બનવું, મનુષ્ય ગતિમાં દીનદુઃખી દરિદ્ર બનવું, નીચકુળમાં ઉપન્ન થવું આદિ ફળ મળે છે.

## ૪ મૈથુન [દુરાચાર] થી

નિર્બળ શકિત, કૃષ, કાયા, સમાજમાં અપ્રતિષ્ઠા, સમાજની દષ્ટિમાં નીચા બનવું, કીડા મકોડાનો જન્મ, નપુંસકનો જન્મ, સ્ત્રી આદિની યોનિમાં કીડાના રૂપમાં ઉત્પન્ન થવું. નરકગતિમાં જવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુરૂપ–બેડોળ બનવું. સાંઢ યા પાડાનો જન્મ મળવો, નીચ કુળમાં જવું, સ્ત્રીપણાનો વારંવાર જન્મ મળવો. રોગી શરીરની પ્રાપ્તિ તથા વધ, બંધન જેલ આદિ મળે.

## ૫ પરિગ્રહ [મુચ્છૉ] થી

તીવ્ર મોહ–મમત્વ–મુચ્છૉ વધે, નરકગતિમાં જવું પડે. તિર્યંચ ગતિમાં કૂતરો, સર્પ, નોળીયો, ઉંદરનો જન્મ મળે. પરસ્પર જાતિય વૈર–વૈમનસ્ય વધે. આત્મહત્યાદિની ઈચ્છા થાય. ત્યાં સુધી કે ફરી નિગોદમાં જવું પડે. ચોકિદારાદિની નોકરી કરવી પડે. ગુલામી કરવી પડે.

## ૬, ૭, ૮, ૯, ક્રોધ, માન, માયા, લોભથી

આ ચાર પાપોના સેવનથી કષાયોનો ઉદય વધારે થાય છે. જીવ તીવ્ર ક્રોધી બને છે. માની, અભીમાની, શઠ, દંભી તથા લોભી બને છે. નીચ કુળમાં ચંડાળ, ચમાર, ભંગી આદિ બને છે. શરીરમાં અનેક કોઢ આદિ રોગ વ્યાધીઓ ઉત્પન્ન થાય છે. મૂર્ખ, મૂંગો બહેરો થાય છે. ઉંદર, બિલાડી, સર્પ, નોળીયો આદિના જન્મ મળે છે. દીન દુઃખી–દરિદ્ર બને છે. ઓછી બુદ્ધિ પાગલપણું મળે છે. નરકગતિમાં જવું પડે છે. ઈત્યાદિ સજા ભોગવવી પડે છે.

## ૧૦ રાગ થી

સ્ત્રી વિ. નો જન્મ મળવો, નરકગતિમાં જન્મ મળવો, પશુ-પક્ષી નો જન્મ મળવો ઈત્યાદિ અનેક પાપોનો બંધ રાગથી થાય છે. તથા સર્વ પાપ કર્મોનું ફળ રાગના પાપ–સેવીને મળે છે. દીન દુઃખી, ગરીબ, ભિખારીના કુળમાં જન્મ મળે છે.

## ૧૧ દ્વેષ થી

વૈર–વૈમનસ્યની વૃદ્ધિ થાય છે. જાતિવૈર વધે છે. અનેક શત્રુ, દુશ્મન ઉભા થાય છે. કેટલાયની સાથે કલેશ કલહ થાય છે. કેટલાય જન્મો સુધી હિંસક પશુ પક્ષીના જન્મ મળે. અનેક જન્મોની ભવ–પરંપરા વધે છે. સગા–સબંધી, ભાઈ–મિત્ર વર્ગ તેમજ પરિવારના પિતા–પુત્ર, પત્નિ આદિ સાથે સંઘર્ષ થતો રહે છે. કોઈની સાથે બનતું નથી. મુર્ખતા, પાગલપણું, દુઃખ, દારિદ્રય અને હીનકુળમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મ મળે. અનેક રોગોથી ઘેરાયેલો રોગી રહે. ઈત્યાદિ અનેક પ્રકારના દુઃખનો ઉદય દ્વેષ પાપથી થાય છે. આથી રાગ દ્વેષ તો સંસારની અને સર્વ પાપોની મૂળ જડ છે. તેનાથી બધાજ પ્રકારના દુઃખ ઉદયમાં આવે છે.

## ૧૨ કલહ થી

કલહથી ઝગડો વધે છે. મનુષ્ય ઝગડાળુ બને છે. સ્વભાવ બહુ ખરાબ બને છે. ગાળા–ગાળીની ટેવ પડે છે. દુઃખી-દરિદ્ર બને છે. તિર્યંચ ગતિમાં કૂતરા આદિના જન્મ તથા મનુષ્યના ભવમાં ઝુંપડ-પટ્ટીમાં નીચકૂળમાં જન્મ મળે છે. મુર્ખ, રોગી, તોતડો–બોબડો બને છે.

## ૧૩–૧૪ અભ્યાખ્યાન પૈશુન્ય થી

ઓછી ઈન્દ્રિયવાળા આંધળા, કાણા, લૂલા–લંગડા, વિકલાંગ બને છે. આ પાપોનું સેવન કરવાવાળા દીન–હીન, ગરીબ–ભિખારી બને છે. સુખ સંપત્તિ સૌભાગ્ય નથી મેળવતો. જીવનમાં કેટલાય કલંક અને આરોપ આવે છે. સુખ ચેનથી ખાય–પીને સૂઈ શકતા નથી. યશકીર્તિ ક્યારે પણ મળતી નથી. ઈત્યાદિ અશુભ ફળ મળે છે.

## ૧૫ રતિ–અરતિ થી

આ કર્મના ઉદયથી કુરૂપ–કુરંગી બને છે. રોગી અને બેડોળ શરીર મળે, હર્ષ શોક કરે છે. એવો રડતો ઉદાસ ચહેરો મળે કે કોઇ જોવાનું પણ પસંદ ન કરે. લોકો તેનું મુખ જોવાનું પણ ઈચ્છતા નથી. અપશુકન માને છે. ભયભીત, ડરપોક અને કાયર બને છે. દુર્ગતિમાં જવું પડે છે, ભિખારી બનવું પડે છે.

## ૧૬ પરપરિવાદ [નિંદા] થી

સમાજમાં અપ્રિય અને સભામાં મૂર્ખ બને. દીન–દુઃખી બને. દીન–હીન–ગરીબ–દરિદ્રિ બને. ઘરે ઘરે ભિખ માંગવાવાળો ભિખારી બને. મંદ બુદ્ધિ–મુર્ખ બને. નીચ–હીન કુળમાં જન્મે, નરક ગતિમાં જાય છે. કલંક આરોપોથી દોરાયેલો રહે છે. તેની વાત કોઇ સાચી માનતુ નથી. અજ્ઞાન મૂર્ખ અને મહારોગથી ઘેરાયેલો રોગી રહે છે. કૂતરા જેવી જીંદગી જીવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૭ માયા મૃષાવાદથી

તિર્યંચ–પશુપક્ષીની ગતિ અને નરકની ગતિ મળે છે. નીચગોત્ર. હલકા કૂળમાં જન્મ થાય છે. અશાતા વેદનીયથી અનેક રોગોથી રોગીષ્ટ શરીર. દેવનો ભવ મળે તો કિલ્બીષીકનો જન્મ મૂર્ખ–પાગલપણું મંદ બુદ્ધિ, મુંગા–બહેરાપણું, ઇન્દ્રિયોની ક્ષીણતા, ધર્મ રત્નની ફરી અપ્રાપ્તિ, અશ્રદ્ધા, અનાચારી, કષાયોનો ઉદય, વિષયી વૃત્તિ અને અંતરાયકર્મના ઉદયથી શુભ કાર્યમાં વિઘ્ન વિગેર......

## ૧૮ મિથ્યાત્વશલ્ય


મિથ્યાત્વ બધા અનિષ્ટોનું જડ છે. સર્વ પાપોનું મૂળ છે. મિથ્યાત્વથી અન્ય બીજા કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિના બંધની શકયતા છે. અનેક પાપાચારોનું ઘર મિથ્યાત્વ છે. આથી સર્વ પ્રકારના દુઃખ મિથ્યાત્વી મેળવે છે, પ્રાપ્ત કરે છે. નરકની, તિર્યંચ પશુ–પક્ષીની ગતિમાં જન્મ લે છે, ઉન્મત્ત પ્રલાપી બને. અનંત સંસાર વધારે છે. દુઃખ અને દુર્ગતિ, હીન અને દારિદ્રય–ગરીબી ભોગવવી પડે છે. હિંસક વૃત્તિથી ક્રૂર બને છે. આધી–વ્યાધી–ઉપાધીઓથી ઘેરાય છે, મહાકામી વિષયી બને છે. અશ્રદ્ધાળુ અને અનાચારી બને છે. ઇન્દ્રિયોની ક્ષીણતા, વિકલાંગતા, અંગમાં ખામી મેળવે છે. અનેક પાપોના ઉદય સાથે સર્વ પ્રકારના અંતરાય તથા અશુભ નામ કર્મની પ્રકૃતિઓનું ફળ પામે છે.

આવી રીતે આ ૧૮ પાપસ્થાનોના સેવનથી જુદા જુદા પ્રકારના અશુભ ફળ જીવોને મળે છે. જો કે તે અત્યંત દુઃખદાયિ હોય છે. બહુ દુઃખી થઈને ભોગવવા પડે છે. પાપનું ફળ શુભ હોય તે કયારેય સંભવ નથી. ચારે ગતિમાં દુઃખને દુઃખ જ ભોગવવું પડે છે.

## ત્રણે લોકમાં દુઃખ

પાપ કરવાવાળા પાપી ચૌદ રાજલોકના આ અનંત બ્રહ્માંડમાં કયાંય પણ જશે તો તેને પાપની સજાના પરિણામ સ્વરૂપે દુઃખ તો અવશ્ય ભોગવવું જ પડશે, આ ત્રણ લોકમાં અથવા અધોલોકની ૭ નારક પૃથ્વીઓમાં જઈને નારકી બનીને દુઃખ ભોગવે કે મધ્ય–તિરછીલોકમાં રહીને દુઃખ ભોગવે છે. ઉપર ઉર્ધ્વ–દેવલોકમાં જાય તો ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પણ તેને શાંતી નથી મળતી. ત્યાં પણ કિલ્બિષિક દેવ બનીને ઝાડુ કાઢવું આદિ સાફ સૂફી કરવાવાળા હલ્કા દેવના રૂપમાં જન્મ લેવો પડે છે અને તેવું કામ કરવું પડે છે. જીવ ત્યાંથી મરીને ચાર ગતિમાં ગમે ત્યાં જાય તો તેને કરેલા પાપો અનુસાર દુઃખ, પાપોની સજા અવશ્ય ભોગવવી પડે છે. મૃત્યુ બાદ જીવની સાથે શું આવે છે ? ઘર–બાર, બગીચા, ધન–સંપત્તિ વૈભવ, સોના–ચાંદી આભૂષણ, હીરા–મોતી, રૂપિયા–પૈસા કે સ્ત્રી, પુત્રી–પુત્ર પરિવાર આદિમાંથી કોઇ સાથે આવતું નથી, ત્યાં સુધી કે મનુષ્યનું શરીર પણ અહીયા જ બળીને ભસ્મ થઇ જાય છે.




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





શરીર પણ સાથે આવતું નથી, તો પછી સાથે આવવાવાળુ સાધન કયું બાકી રહ્યું ? વસ્તુઓ અને સબંધિ વ્યક્તિઓમાંથી કોઈ સાથે આવતુ નથી. માત્ર બાંધેલ સારા અને ખરાબ પુણ્ય–પાપ જ જીવની સાથે આવે છે. કહેવાય છે કે " ऋणं च वैरं च भवान्तरेऽप्यागच्छति " આ જન્મમાં માથે ચઢાવેલ દેવું [ઋણ] વૈરવૈમનસ્ય, રાગ દ્વેષ આગામી જન્મમાં સાથે આવે છે. જીવ ચારેય ગતિમાં જાય છે. કરેલા શુભ–અશુભ પુણ્ય–પાપ અનુસાર સદ્ગતિ–દુર્ગતિરૂપ આ ચારે ગતિમાં જીવને જન્મ લેવો પડે છે. ક્યારેક મનુષ્ય ભવમાં જાય છે. તો મનુષ્ય મરીને ફરી દેવ મનુષ્ય નરક તિર્યંચની ચારે ગતિમાં જન્મ લે છે. દેવ મરીને માત્ર મનુષ્ય અને તિર્યંચમાં જન્મે છે. દેવ નરકમાં જતો નથી અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


૧.ચાર ગતિ





૨. મનુષ્યનું ચારે ગતિમાં ગમન





૩. તિર્યન્ચનું ચારે ગતિમાં ગમન




૪. દેવનું બે ગતિમાં ગમન




૫.નરકનું બે ગતિમાં ગમન.




મરીને ફરી દેવ પણ થતો નથી, તેવી જ રીતે નારકીના જીવો પણ મરીને ફરી નરકમાં ઉત્પન્ન થતા નથી, અને દેવગતિમાં પણ જતાં નથી. નારકી મનુષ્ય અથવા તિર્યંચમાં જાય છે. જ્યારે તિર્યંચ જાતિનો જીવ ચારેય ગતિમાં જાય છે. તેના માટે કોઈ ગતિમાં પ્રતિબંધ નથી, કોઇ નિયમ નથી. આ ઉપરના ચિત્રમાં જોવાથી સ્પષ્ટ સમજાશે,

આ ચાર ગતિમાં જીવ ક્યાંય પણ જશે પરંતુ બાંધેલા પાપકર્મો અનુસાર બધી જ ગતિમાં દુઃખ પામશે. કરેલા કર્મો અનુસારે પાપની સજા બધી જગ્યાએ પામશે. ગતિ પણ કર્મને અનુસાર જ મળે છે. દેવગતિમાં જશે તો ત્યાં પણ ભવનપતિમાં પરમાધામી કે અસુરકુમારાદિ બને, અથવા તો વ્યંતરગતિમાં જાય તો ભૂત–પ્રેત–યક્ષ –ડાકણ–શાકણ બને, તિરછીલોકમાં ભટકતા જ રહે છે. જ્યોતિષ્ક દેવોમાં સૂર્ય–ચંદ્ર આદિમાં જાય તો ત્યાં પણ જ્યોતિષ્કેન્દ્રના અંગરક્ષક કે સેવક બને. ગ્રહોમાં રાહુ–કેતુ બને અથવા તો તારાગણમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે નક્ષત્રમાં જાય તો ત્યાં પણ સારા–ખરાબ નક્ષત્રો છે તેમાં જન્મ લે છે. અથવા તો ઉપર વૈમાનિક દેવલોકમાં જાય તો કિલ્બિષિકાદિ નોકર રૂપ દેવ બની ઈન્દ્રોનો હુકમ પાળવાવાળા સેવક બને છે.

## મનુષ્ય ગતિમાં દુઃખ


મનુષ્યગતિ જરૂર સારી છે, પરંતુ એકલી મનુષ્ય ગતિ મળવાથી શું ? જાતિ–કુળ આદિ સર્વ પર આધાર છે. પાપોની સજાના રૂપમાં અકર્મભૂમીમાં જન્મ મળી શકે છે. જ્યાં કોઈ ધર્મનું નામ નિશાન પણ નથી. અથવા મનુષ્યના રૂપમાં ભિખારીના ઘરમાં સ્ત્રીના રૂપે જન્મ મળે અને ખાવાનું ઠેકાણું પણ ન હોય અને અધુરામાં પુરૂ સંતાન ૬–૭–૮–૧૦ ઘણા હોય અને તેમાં પણ ગરીબીમાં કન્યાઓનો જન્મ વધારે હોય, ૪–૫–૬–૭ છોકરીઓ કેટલાયના ઘરમાં જન્મતી હોય છે. નીચ–હલ્કા કુળમાં જન્મ મળે કે ભિખારી કુળમાં જન્મ લઈને ભીખ માંગતા ફરો કે કષાયના ઘરમાં જન્મ મળે ત્યાં પશુ હત્યા કરતા રહો. વેશ્યાના ઘરમાં જન્મ મળે જ્યાં દુરાચારના પાપમાં જીંદગી પૂરી કરો. આવા સેકડો કુળ અને જાતિઓ છે, જ્યાં આવા હલ્કા જન્મ મળવાથી દુઃખી થવું પડે છે અને તેમાં ફરી હલકા પાપ કરવા પડે છે, તમે અમદાવાદ આદિ શહેરોમાં જોયું હશે. કે કેટલાય પતિ–પત્નિ મળીને ગાડી કે ગાડું ખેંચે છે. ઘઉંની ગુણો, લાકડા, પથ્થર. કે માલસામાન હદ ઉપરાંત ભરે છે. બિચારા મનુષ્યોને, પતિ–પત્નિને શ્વાસમાં દમ ભરાઈ જાય ત્યાં સુધી ગાડી ખેંચવી પડે છે અને તે પણ ૧૦–૨૦ માઈલ સુધી દરરોજ ચલાવે–ખેંચવી પડે છે. તેમાં પણ ખરા બપોરે તડકામાં ખુલ્લા પગે ચાલે છે. ખાવા–પીવાનું ઠેકાણું નથી પડતું અને કાળી મજૂરી કરવી કેટલું દુઃખ છે ? કહેવાય છે મનુષ્ય ગતિ પણ કામ પશુ જેવું કરવું પડે છે. તમે જ વિચારો આવા મનુષ્ય અને પશુમાં શું અંતર છે ? માત્ર પશુને ચાર પગ છે. અને મનુષ્યને બે પગ છે. એટલો જ ફરક છે. છે. આ પાપની સજા કેટલી ભારે છે.

આવી રીતે ઢેડ, ભંગી–ચમાર–ચંડાળ–મચ્છીમાર આદિના કુળમાં જન્મ લઈને મળ–મૂત્ર સાફ કરવું પડે કે મચ્છીમારવી, પકડવી, સૂકાવવી અથવા ચામડુ ઉતારવું, જોડા બનાવવા આદિ હલ્કા પાપના ધંધા કરવા પડે, આ પાપની સજા કેટલી ભારે છે. તેવી રીતે ચોર–ગુંડા–ડાકુ–લુંટારા–આવારા આદિ મનુષ્યોના રૂપમાં જન્મ લઈને તેવું પાપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવું પડે તે કેટલી ભારી પાપની સજા ભોગવવી પડે છે. કહેવાય છે મનુષ્ય ગતિ પણ એટલા નામ માત્ર થી રાજી થવા જેવું નથી. કરેલા પાપ–કર્મ અનુસાર મનુષ્ય ગતિમાં પણ દુઃખી થઈને, રડી–રડીને જીંદગી વિતાવવી પડે છે. આ કોઇ ઓછા પાપની સજા નથી, કહ્યુ છે. કે,

कुग्राम वासः कुनरेन्द्र सेवा, कुभोजनं क्रोधमुखी च भार्या।
कन्या बहुत्वं च दरिद्रता च, षड् जीव लोके नरका भवन्ति ॥
ग्रामे:वासो नायको निर्विवेकः कौटिल्यानामेकपात्रं कलत्रम्।
नित्यं रोगः पारवश्यं चपुंसामेतत्सर्वं जीवतामेव मृत्युः ॥




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખરાબ ગામમાં રહેવું, મૂર્ખ–ખરાબ રાજાની સેવા, એઠું જૂઠું ખરાબ ભોજન અને ક્રોધ મુખી પત્ની તથા ઘણી કન્યાઓનો જન્મ થવો. તથા ગરીબી આ ૬ અવસ્થા આ જીવલોકમાં નરકની જેમ દુઃખ દાયિ છે. તેવી રીતે અનિષ્ટ ગામોમાં વાસ, દુષ્ટનેતા, હંમેશા રોગથી ઘેરાઇ રહેવું, પરવશતા–ગુલામી આ સર્વ મનુષ્ય માટે જીવતા જીવ મૃત્યુની સમાન દુઃખદાયિ છે.

## તિર્યંચગતિમાં પાપની સજા

તિર્યંચગતિ બહુ લાંબી ચૌડી છે. માત્ર પશુ પક્ષી નહિ પરંતુ કીડી, મંકોડા, પૃથ્વી, પાણી અને અગ્નિના જીવ ગતિની દૃષ્ટિએ તિર્યંચ ગતિમાં ગણાય છે. એટલે નિગોદના જીવ, ઝાડ–પાન–વન–સ્પતિના જીવ આદિ એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય પશુ–પક્ષી સુધીના જીવ ગતિની દૃષ્ટિએ તો તિર્યંચની ગતિમાંજ ગણાય છે. ઉપરનો ચાર્ટ જોવાથી ખ્યાલ આવશે.

આ ચાર્ટમાં બતાવ્યા અનુસાર આટલા પ્રકારના એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવ તિર્યંચ ગતિમાં ગણાય છે. સ્થાવરની એકેન્દ્રિય કક્ષામાં પૃથ્વીકાયમાં પથ્થર માટી ધાતુ આદિમાં જન્મથવો અથવા પાણી, અગ્નિ, વાયુના રૂપમાં જન્મ લેવો પડે છે. અથવા વનસ્પતિકાયમાં પ્રત્યેક વનસ્પતિકાયની જાતિમાં ઝાડ, પાન, છોડ બનીને ઊંધા મસ્તકે લટકીને હજારો વર્ષો સુધી ઉભા રહેવું પડે છે અને સાધારણ વનસ્પતિકાયમાં અત્યંત સૂક્ષ્મ નિગોદની અવસ્થામાં પણ જીવને જન્મ લેવો પડે છે. જ્યાં એક સૂક્ષ્મ શરીરમાં અનંત જીવોને એક સાથે રહેવું પડે છે. જે થોડો માત્ર અલ્પ આહાર કે શ્વાસ મળે તો અનંત જીવોને એક સાથે વેચી લેવો પડે છે. હવે તમેજ વિચારો સૂક્ષ્મ શરીર અને તેમાં અનંતને એક સાથે રહેવાનું અને આહારાદિને અનંતભાગમાં વહેંચી તેમાંથી જે મળે તે ખરું. તેમાં પણ એક એક ગોળામાં અનંત જીવોને એક સાથે રહેવાનું અને સતત જન્મ મરણ સહન કરવાના, એક શ્વાસોશ્વાસ પરિમિતકાળમાં ૧૭ાા વાર જન્મ મરણ ધારણ કરવાના આવી પરિસ્થિતિ જીવને મળે તો વિચારો જીવને પાપની સજા કેટલી ભારે મળે છે? આવા કેટલાય પાપો કરીને કોઇક જીવો પંચેન્દ્રિય મનુષ્ય પર્યાપ્તમાંથી ફરી નિગોદમાં જાય છે. આ પાપકર્મની સજા છે. તે વ્યહવારરાશી નિગોદના જીવ કહેવાય છે. ત્યાં નરકની અપેક્ષાએ અનંતગણા દુઃખ છે. એવું શ્રી વીર પ્રભુએ ગૌતમને કહેતા કહ્યું છે. કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यत् नरके नैरयिव्याः दुखं प्राप्नुवंति गौतम ? तीक्ष्णम् ।
तत् पुनर्निगोदमध्ये अनंतगुणं ज्ञातव्यम् ॥

હે ગૌતમ ! નરકમાં નારકી જીવ જેટલા તીક્ષ્ણ દુઃખ પામે છે. તેના અનંતગુણા દુઃખો જીવ નિગોદની ગતિમાં પામે છે. આવું જાણવું જોઇએ વિચારો ! નરકગતિના દુઃખોનું વર્ણન આગળ કરીશું તેની અપેક્ષા એ અનંતગુણા દુઃખ નિગોદમાં ? આ કેટલા ભારે પાપ કર્મની સજા થઈ ? આટલું જાણીને પણ આજે બટાટા–ડુંગળી–લસણ આદિ જે અનંતકાય છે તે સૂક્ષ્મ નથી પરંતુ સ્થૂળ (બાદર) સાધારણ વનસ્પતિકાય જ છે. નિગોદમાં અને આમાં અંતર માત્ર એટલું જ છે. કે આ સ્થૂળ (બાદર) છે અને નિગોદ અત્યંત સૂક્ષ્મ છે. આટલું જાણ્યા પછી પણ આજે બટાટા–લસણ આદિનું ખાવાનું નથી છોડી શકાતું તો આ અનંતકાયના હિંસાના પાપ ક્યાં લઇ જશે ? કદાચ વનસ્પતિ કાયમાં લાવીને ક્યાંક પટકી ન દે ? તો પાપની સજા કેટલી ભારે થશે ? વિચારો.

વિકલેન્દ્રિયમાં, બેઇન્દ્રિયમાં શંખ–કોડી–જળો–અળસીયાના જન્મ મળે કે તેઇન્દ્રિયમાં. કીડી–મકોડા–ઈયળ–માંકડ–જૂ નો જન્મ મળવો અથવા ચઉરિન્દ્રિયમાં માખી–મચ્છર–ભમરાનો જન્મ મળવો કેટલો કષ્ટદાયિ–દુઃખદાયિ સિદ્ધ થશે ? અને એક–બે જન્મથી ક્યાં કાર્ય સમાપ્ત થાય છે ? સ્વકાય સ્થિતિમાં કેટલો દીર્ઘકાળ પસાર કરવો પડે છે અને કેટલા ભવ ધારણ કરવા પડે છે. તે પછી પંચેન્દ્રિય પર્યાયમાં જીવ જાય છે જળચરના રૂપમાં માછલી, કાચબો, મગરમચ્છ, વ્હેલ માછલી આદિ બનવું પડે છે. જ્યાં મોટી માછલી નાની માછલીને ખાઈ જાય છે. જન્મ દેવાવાળી માતા જ પોતાના બચ્ચાને ખાઈ જાય તે કેટલી ભારે કર્મની સજા છે ? ખેચરમાં પક્ષીના જન્મમાં ઉડતા રહેવાનું જ્યાં મળે ત્યાં ખાવાનું. સ્થળચરમાં સાપ–નોળીયો–ગરોળી–વાંદરો–હાથી–ઘોડા–ગાય–બળદ–સુવર–ગધેડો–બકરી આદિના અસંખ્ય જન્મ મળે છે, કરવા પડે છે. હવે વિચારો અહિ બિચારા પશુઓની શી હાલત છે ? કેવી દશા છે ? એક બાજુ શરીર મોટું–સ્થૂળ, પેટ લાંબુ–ચૌડુ, આહારની તીવ્ર સંજ્ઞા અને ખાવાનું શું મળે છે ? ઘાસ, તેમને દરરોજ રોટલી–રોટલા કોણ બનાવીને ખવડાવે ? ઘાસ પણ બધાના નસીબમાં ક્યાં છે ? રસ્તામાં પડેલા કપડા, કચરા, કાગળ, પૂંઠા આદિને ખાઈ–પીને પેટ ભરવું પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બિચારા સુવર (ભૂંડ) તો જીંદગીભર સુધી કોઈની વિષ્ઠા ખાઈને જ જીવે છે. કૂતરાના જન્મમાં ગલીઓમાં ભટકવાનું અને કોઈ તૂ–તૂ કરીને બોલાવે અને રોટલીનો ટુકડો નાંખે ને ૫–૬ કૂતરા દોડીને આવે. હવે કોને ખાવા મળશે? બસ પછી લડવાનું–ઝગડવાનું લાગશે વાંદરાના જન્મમાં ઝાડ–ડાળીઓ પર કૂદવું–દોડવું અને જે કાંઇ મળે તે ખાવાનું, ગધેડાના જન્મમાં પથ્થર–ઈંટ અને લાકડાનો ભાર ઉપાડવાનો બળદના જન્મમાં ગાડી ખેંચવાની, જીવ જાય ત્યાં સુધી ગાડી ખેંચવાની અથવા હળ ચલાવવાનું. ઘોડા અને ઊંટના જન્મમાં પણ શું? પીઠ પર ગાડી સાથે જોડીને ભાર ખેંચવાનો, દમ તૂટી જાય ત્યાં સુધી દોડવું પડે. ઈત્યાદિ કેટલી ભારે દુઃખદાયિ સજા છે? મરઘાને પોટ્રી ફાર્મમાં રાખી વારંવાર ઇંડા પ્રસવવા, અને કીડા–મકોડા–કચરો–કાદવમાંથી ખાવાનું તથા કપાવાનું. આવી રીતે બકરા–બકરીના ભવમાં કષાય ખાનામાં કપાવવાનું–મરવાનું કેટલું ભારી દુઃખ છે? તિર્યંચગતિમાં પણ એક મિનિટ સુખની આશાનું કિરણ નથી. આવી રીતે તિર્યંચની ગતિમાં કરેલા પાપોની ઘણી ભારી અને કડક સજા વર્ષો અને જન્મો સુધી ભોગવવી પડે છે.

## નરકગતિનો પરિચય

નરક ગતિમાં મહાભયંકર સજા ભોગવવી પડે છે. ચૌદ રાજ લોકના ત્રણ લોકમાં જે અધોલોક છે તે પાતાળલોક કે નરકના નામથી ઓળખાય છે. જે સાત વિભાગમાં વહેંચાયેલ છે. તે સાત નરક પૃથ્વીઓ છે તે નરક શું છે? અને કયાં છે? તેનો પરિચય આગળના બે ચિત્રોમાં જોવાથી સ્પષ્ટ સમજાશે.

૭ નરક પૃથ્વીઓ

રત્નપ્રભા શર્કરાપ્રભા વાલુકાપ્રભા પંકપ્રભા ધૂમપ્રભા તમઃપ્રભા મહાતમ

આ સાત નરક પૃથ્વીમાં પોતપોતાના સ્થાનને અનુરૂપ નામથી ઓળખાય છે. અહિંયા ઘોર અંધારું હોય છે. ૧–૨ માં અંધારૂં આદિ વધુ હોય છે. બીજા કરતાં ત્રીજીમાં વધારે, ત્રીજી કરતાં ચોથીમાં વધારે આવી રીતે આગળ વધતા જઈશું તો સાતમી નરકમાં તો ભયંકર દુઃખ અને ગાઢ અંધારું હોય છે. ઉત્તરોત્તર ક્રમથી સાતે નરક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭ નરક પૃથ્વીઓની લંબાઈ તથા ઊંચાઈ—

૧૮૦૦૦૦ યોજન–૧ રજ્જુ →

૧૩૨૦૦૦" યોજન ૨॥" →


૧૨૮૦૦૦'- ૪" →

૧૨૦૦૦૦' -૫" →

૧૧૮૦૦૦' -૬" →

૧૧૬૦૦૦'-૬॥"→

૧૦૮૦૦૦' -૭"→




પ્રતર–તથા–નરકાવાસ

૧૩ પ્રતર–૩૦લાખ

૧૧ " —૨૫ "

←૯ "-૧૫"

←૭ "-૧૦"


←૫ "- ૩"

←૩ "- ૯૯૯૯૫

←૧ "—૫–

નરકાવાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક કરતા બીજી થી મોટી–મોટી છે અને વધુને વધુ દુઃખદાયિ છે. આ રીતે આમા ક્રમશઃ આયુષ્ય વધારે વધારે છે. ઓછામાં ઓછું જઘન્ય આયુષ્ય ૧૦૦૦૦ વર્ષથી ઓછું હોતું નથી. અને પછી જેમ આગળ જઈએ છીએ તેમ વધે છે.

આવી રીતે સાત નરક પૃથ્વીઓમાં આટલું લાંબુ મોટું આયુષ્ય હોય છે. એક સાગરોપમનો અર્થ અસંખ્ય વર્ષ છે. તેવા ૩૩ સાગરોપમ વર્ષ ૧ જન્મમાં વિતાવવા પડે છે.

### ૭ નરકોમાં આયુષ્ય

| જઘન્ય આયુષ્ય (ઓછું) | | | | ઉત્કૃષ્ટ આયુષ્ય (વધારે) | | |
|---|---|---|---|---|---|---|
| ૧લી | નરકમાં | ૧૦૦૦૦ | વર્ષ | ૧ | સાગરોપમ | વર્ષ |
| ૨જી | નરકમાં | ૧ સાગરોપમ | વર્ષ | ૩ | ,, | ,, |
| ૩જી | ,, | ૩ ,, | ,, | ૭ | ,, | ,, |
| ૪થી | ,, | ૭ ,, | ,, | ૧૦ | ,, | ,, |
| ૫મી | ,, | ૧૦ ,, | ,, | ૧૭ | ,, | ,, |
| ૬ઠ્ઠી | ,, | ૧૭ ,, | ,, | ૨૨ | ,, | ,, |
| ૭મી | ,, | ૨૨ ,, | ,, | ૩૩ | ,, | ,, |

આવી રીતે ઓછામાં ઓછી અને વધુમાં વધુ શરીરની ઉંચાઈ આટલા હાથ હોય છે. અર્થાત્ આટલું મોટું–તગડું–લાંબું–પહોળું ઉંચુ શરીર હોય છે. બધાજ નારકી જીવો નપુંસક હોય છે. નપુંસકને મહા વિષય વાસના હોય છે. અતિ કામ વાસનાના કારણે અનેક પ્રકારની ધમાલ કરે છે. પારા જેવું શરીર હોય છે. અર્થાત્ એક બે વખત કે

### ૭ નરકોમાં શરીરની ઊંચાઈ

| ઓછી ઉંચાઈ | | | | વધુ ઉંચાઈ | |
|---|---|---|---|---|---|
| ૧લી | નરકમાં | ૩ | હાથ | ૩૧ | હાથ |
| ૨જી | ,, | ૩૧॥ | ,, | ૬૨॥ | ,, |
| ૩જી | ,, | ૬૨॥ | ,, | ૧૨૫ | ,, |
| ૪થી | ,, | ૧૨૫ | ,, | ૨૫૦ | ,, |
| ૫મી | ,, | ૨૫૦ | ,, | ૫૦૦ | ,, |
| ૬ઠ્ઠી | ,, | ૫૦૦ | ,, | ૧૦૦૦ | ,, |
| ૭મી | ,, | ૧૦૦૦ | ,, | ૨૦૦૦ | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૦–૧૦૦ વખત કોઇ કાપે તો પણ મરતા નથી. જેવી રીતે પારો હાથ માંથી છૂટી નીચે વિખરાઈ જાય અને ફરી એકઠો કરવાથી પાછો જેવો હતો તેવો થઈ જાય છે તેવું જ નારકીનું શરીર હોય છે. પરમાધામી હાથ પગ કાપીને ચારે બાજુ ફેંકી દે તો પણ થોડીવારમાં પાછું ભેગું થઈને એક થઈ જાય છે અને ફરી બિચારા નારકી દોડવા ભાગવા જાય છે. ફરી પરમાધામી પકડી લે છે. નારકીના જીવોને એક મિનિટ માટે પણ શાંતિ નથી હોતી. બીજી બાજુ આયુષ્ય એવું નિરૂપક્રમવાળુ હોય છે કે આત્મહત્યા કરીને મરવા જાય તો પણ મરી શકતા નથી. સાત નરક પૃથ્વીઓના ૧૩–૧૧–૯–૭–૫–૩–૧ = ૪૯. આવી રીતે કુલ ૪૯ પ્રતરોની સાત નરકોમાં અસંખ્ય નારકી જીવ રહે છે. આ બધા નારકી બિચારા કુબડા વામન શરીરવાળા હોય છે. શરીરનો રંગ નિકૃષ્ટ મલીન હોય છે. ગધેડા અને ઊંટ જેવી વિચિત્ર ચાલ હોય છે. રડતા, વિલાપ કરતા, અને ચીચીયારીથી ચિલ્લાતા, ભયંકર અવાજ હંમેશા કરતા હોય છે. નારકી જીવોના જઠરાગ્નિ એટલા વધારે પ્રજ્વલિત હોય છે. એટલી બધી તીવ્ર ભૂખ લાગે છે કે દુનિયાભરનું ઘી અને અનાજ ખવડાવવામાં આવે તો પણ તૃપ્તિ સંભવ નથી. જો કે નરકમાં નારકીઓનું વૈક્રિય શરીર એવું હોય છે કે ત્યાં ખાવાપીવાનો વ્યવહાર નથી. તો પણ ક્ષુધાની તીવ્રતા પણ એક પ્રકારની છે. નારકીઓની લેશ્યા કૃષ્ણાદિ ખૂબ ખરાબ હોય છે. વિચારધારામાં પણ ક્રૂરતા આદિ ઘણી વધારે હોય છે. આર્તધ્યાનથી હજાર ગણું વધારે રૌદ્રધ્યાનનું પરિણામ રહે છે. મારવા કાપવાની જ વાતો હોય છે. ક્રોધાદિ કષાયની માત્રા હજાર ગણી વધારે હોય છે.

નરક ગતિમાં વેદના

| પરસ્પરોદીરિત | અસુરોદીરિત | ક્ષેત્રકૃત |
|---|---|---|

દુઃખ પિડાને વેદના કહેવાય છે. નરકગતિમાં મુખ્ય ૩ પ્રકારની વેદના હોય છે. પરસ્પર વૈરી દુશ્મન જીવ સાથે ઉત્પન્ન થાય છે. ત્યાં પરસ્પર લડવું ઝગડવું આદિ સતત રહે છે. એકબીજાને મારવું કાપવું આદિ સતત ચાલે છે. ભયંકર યુદ્ધ જેવું વાતાવરણ સતત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



રહે છે. ઉદર બિલાડીની જેમ દુશ્મનની જેમ બધા એકબીજાને મારવાને જ ઈચ્છે છે. જ્યાં પરમાધામી નથી હોતા તેવી ૪–૫–૬–૭ આ ચારે નરકમાં પરસ્પર લડે છે. અંગોપાંગનું છેદન ભેદન કરતાં જાય છે એક તો ઘોર અંધારીનરક અને તેમાં પણ સતત એકબીજાસાથે ટકરાઈને લડે છે. ડરાવવું–લડાવવું સતત ચાલે છે.

**અસુરોદીરિત વેદના**–संविलष्टासुरोदीरित दुःखाश्च प्राक् चतुर्थ्याः ॥ ३.५ ॥

અસુર–અર્થાત ભયંકર રાક્ષસી કક્ષાના પરમાધામી ભવનપતિની જાતિનો દેવ તે ૧–૨–૩ નરક પૃથ્વીઓમાં રહે છે પરમ+અધર્મી =પરમાધામી એવો શબ્દ છે. અર્થાત મહાભયંકર અધર્મી. અહીંયા જેલરનું જે કામ હોય તેવું કામ ત્યાં તેનું છે. આવેલા નારકી જીવોને મારવા –કાપવા–પીટવા, ઉચકીને ફેંકવા, અગ્નિમાં બાળવા આદિ હજારો પ્રકારની દુઃખી કરવામાં જ તેમને મજા આવે છે. તેનાથી જીવોને જે તીવ્ર વેદના થાય છે તે અસુરોદીરિત પરમધામી કૃત વેદના છે. પરમધામીઓનું કામ જ વેદના–દુઃખ આપવાનું છે. તેમાં જ તેને મજા આવે છે. તે ૧૫ પ્રકારના હોય છે તેથી તે ૧૫ પરમાધામી કહેવાય છે. તેઓનો સ્વભાવ બહુ સંકલિષ્ટ ક્રૂર હોય છે. આકૃતિ આ ચિત્રમાં જુઓ. અહિ આપણી પૃથ્વી પર કોઈ મોટા સારા સમાજમાં જાણીતા પ્રતિષ્ઠિત શેઠ જીંદગીભર મહાપાપ કરીને નરકમાં ગયા છે. બે પરમાધામી એક કડાઈમાં ઉકળતા ગરમાગરમ તેલમાં નાખીને ભાલાથી ભજીયાની જેમ તળે છે. અહિનો શેઠ ત્યાં નારકી બનીને કેટલી ભયંકર વેદના સહન કરે છે? કરેલા ભયંકર પાપની સજા આવી મળે છે. આવી પરમાધામીઓ દ્વારા અપાતી વેદના અહિ ચિત્રોની સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપવામાં આવી છે. જેમાં ડાબી બાજુ કરેલા પાપના પ્રકાર છે અને જમણી બાજુ નરકમાં તે પાપની જે સજા મળે છે તે છે.




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



જે અહિ ક્રૂરતાપૂર્વક જૂ, માંકડ કીડી આદિ જીવ જંતુઓને મારવાનું પાપ કરે છે તેને



નરકમાં પરમાધામી કાટાદાર લોખંડના સળીયા પર સુવાડીને ભાલાથી મારે છે.



અતિક્રૂર કષાયવૃત્તિવાળો જે ઘેટા બકરાને કાપવાનું કામ કરે છે, પશુ વધ કરે છે તેને



નરકમાં બે પરમાધામી સાથે મળીને જીવતાને કરવતથી કાપે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



બકરા-માછલી-કાપવા-મારવા તથા વહેંચવાનો જે વ્યાપાર કરે છે તેને પાપની સજા રૂપે



નરકમાં બબ્બે પરમાધામી મળીને માથામાં લોખંડના ખીલા ઠોકીને તલવારથી કાપે છે.



દ્વેષથી વહુ અથવા કોઈને ઘાસ-તેલ છાંટીને બાળીને મારવાના ફળ સ્વરૂપે



નરકમાં બળતી અગ્નિની જ્વાળાની વચ્ચે કાંટામાં જીવતા જીવ બેસાડીને ભાલાથી આંખ ફોડીને મારે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



અતિકામ વાસનાથી જે સ્ત્રી પર પુરુષગમનનું પાપ કરીને બીજા સાથે સંબંધ કરે છે તેને

નરકમાં પરમાધામી બળતી અગ્નિની જવાળામાં કાંટામાં બેસાડીને પરશુથી મારે છે.



તીવ્ર વિષયી જે પરાઈસ્ત્રી સાથે સંભોગ આદિની કામક્રિડા કરવાનું પાવ કરે છે તેને

પરમાધામી આવા પાપીને નરકમાં લોઢાના તપેલા ગરમ થાંભલા સાથે બાંધી આંખ ફોડવાની સજા કરે છે.




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



જે કોઇથી કે કુંવારી કન્યાથી કે વેશ્યાગમનમાં જ લપેટી રહેવાનું મહાપાપ કરે છે તેને

નરકમાં બે પરમાધામી બંને કામીને સળગતી આગમાં નાંખીને દોરડાથી બાંધીને માથું ફોડીનેન મારે છે.



જુગાર–દારૂનો વ્યસની બીજાના ઘરમાં ચોરી લૂંટ-ફાટ કરીને પરધન ચોરવું અદિ પાપ કરે

પરમાધામી નરકમાં ઘાણીમાં તે નારકીને નાંખીને જીવતો જ પીલેછે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ગુંડાગિરિ —દાદાગિરિથી મારા-મારી કરીને કોઈનું ગળું દબાવીને મારવાનું પાપ કરવાવાળાને



પરમાધામી નરકમાં કરવતથી જ સીધો કાપવા મારવાની સજા કરે છે.



દવા પીને કે અન્ય રીતે ગર્ભપાત કરીને કે કરાવવાથી બાળ હત્યાનું પાપ કરવાવાળાને



નરકમાં બળતી અગ્નિમાં જીવને બાળીને ગદા શરીરમાં ખોસીને પરમાધામી મારે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



દંભી–માયાવી કપટી મનુષ્ય બિચારા ભોળા–સીધા સાદા લોકો જે ઠગે છે, બનાવે છે તે પાપની સજા



નરકમાં પરમાધામી તીર પર સુવાડીને શિયાળ અથવા કૂતરાને છોડીને માંસ ખવડાવે છે.



અળગણ પાણી મળ્યા વગર જે ઘણું વાપરે છે કોઈ મર્યાદા રાખતા નથી તેની જીવ હિંસા કરવાના ફળ સ્વરૂપે



પરમાધામી નરકમાં તેને એક દિવાલ પર ઉલ્ટો લટકાવીને પગ પકડીને ઉંચો કરીને ગદાથી મારે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કંઈ મહાપાપોનું સેવન કરવાથી નરકમાં જ્યાં પરમાધામી નથી એવી નરકમાં હાડ માંસ લોહી મળ તથા મૂત્રાદિની અશુચીથી ભરેલી નરકની વૈતરણી નદીમાં પડેલા તણાતા બિચારા નારકી ભયંકર દુઃખ ભોગવે છે.





ારાબ, બ્રાન્ડી, અફીણ, ગાંજા, રસ આદિ વ્યસની ચીજો ખૂબ ને જે ખરાબ બોલવા આદિનું પાપ કરે છે તેમને

નરક ગતિમાં પરમાધામી દોરડું ગળામાં નાંખીને પકડીને ગરમ તપાવેલા ઓગળેલા લોખંડનો રસ પિવડાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ખાંડણીમાં ખાંડવાથી, પીસવાથી, દળવા આદિમાં જીવ રક્ષા ન કરતા કીડી—મકોડા—ઈયળ આદિ જીવ જંતુઓ મારવાની હિંસા કરવાવાળાને.

નરકમાં તે ખાંડવાવાળાને ખાંડણીમાં નાંખીને બે પરમાધામી લોખંડના સાંબેલાથી મારતા કૂટતા માથુ ફોડીને ચૂર્ણ બનાવે છે.

આવી રીતે અહિંયા નમૂનાના રૂપમાં થોડા જ ચિત્રો ઉદાહરણ માટે આપેલ છે. આ જોઈને કલ્પના આવી શકે છે કે કોઈપણ જીવ કોઈપણ ગતિમાં જેવા પાપ કરે છે. તે પાપના ફળ સ્વરૂપ સજાના રૂપમાં નારકી જીવોને કેટલી ભયંકર સજા ભોગવવી પડે છે. વિચારો! જ્યારે પાપ કરો છો ત્યારે કોઈ શરમ ન આવી, કોઈ જીવ પર દયા ન આવી, તો પછી તે પાપોની સજા દેવામાં પરમાધામીઓને કેમ દયા આવશે? હા, તેમને કર્મબંધ જરૂર થાય છે તેની સજા તેઓ ભોગવશે. પણ આજ તો અત્યંત સંક્લિષ્ટ પરિણામ છે તેમાં જ તેમને મજા આવે છે. આવી રીતે હજારો પ્રકારના પાપો કરીને જીવ જ્યારે નરકાદિ ગતિમાં જાય છે ત્યારે ત્યાં પણ હજારો પ્રકારની તીવ્ર વેદના ભોગવવી પડે છે. ત્યાં પરમાધામીના પગમાં પડવાથી કે તેમની પાસે માફી માંગવાથી તેઓ એક અક્ષર પણ સાંભળવા તૈયાર હોતા નથી તેનાથી સારૂ એ છે કે અહિં જો પાપ ન કર્યું હોત તો નરકમાં જવાનો પ્રશ્ન જ ન આવત અને માની લો ભૂલમાં અજાણમાં પાપ થઈ જાય તો આ પાપનું પ્રાયશ્ચિત કરી લેવું જોઈએ જ્યારે ધર્મની આરાધના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપ તપશ્ચર્યાદિ કરીને, પાપનું પ્રાયશ્ચિત આદિ કરીને પાપને ખપાવી શકાય છે. પણ જો બંને કાર્યો ન કર્યા તો તો પછી નરકમાં જવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નહિ રહે.

## નરકમાં પાપ ક્ષય નથી થતા સજા ભોગવાય છે.

પાપનું પ્રાયશ્ચિત કરીને ક્ષય કરવાનો એકમાત્ર ઉપાય અહિ પૃથ્વી પર આ જન્મમાં સુલભ છે. જેમાં મનુષ્ય જન્મ આર્ય, ક્ષેત્ર, આર્ય-કુળ, વિતરાગનો ધર્મ અને દેવગુરૂની પ્રાપ્તિ હોય ત્યારે જ ખરેખર ધર્મ આરાધના કરીને પાપનો નાશ કરી લેવો જોઈએ. જ્યારે નરક ગતિમાં એક પણ સામગ્રી પાપકર્મના ક્ષય માટે પ્રાપ્ત થતી નથી. ત્યાં નથી ભગવાન કે નથી ગુરૂ કે નથી ધર્મ, હવે શું થશે? નરકમાં પાપોના નાશની અપેક્ષાની બદલે પાપોની સજા ભોગવવાની પ્રાધાન્યતા વિશેષ છે. જ્યારે હસતા હસતા હસી ખૂશીમાં પાપ કર્યા છે તો પછી સજા ભોગવવાના સમયે કેમ ડરો છો? અથવા તો પાપ કરવા જ ન હતા અને જો કર્યા તો પાપ ક્ષયની પ્રક્રિયા કરવી જોઇએ અથવા પાપોની સજા સમતાપૂર્વક ભોગવવી જોઇએ. સૌથી સારો અને ઉંચો માર્ગ છે કે પાપ જે કરવું નહીં પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરવી. આથી સાધક મુમુક્ષુ આત્મા એ જીવન સાધનામાં બે લક્ષ્ય મુખ્ય રાખવા જોઇએ. (૧) એક તો ભૂતકાળમાં કરેલા કર્મોના નાશ કરવો. (૨) બીજુ લક્ષ્ય છે કે જીવનમાં ફરી નવા પાપ ન કરવા. બસ આ બે લક્ષ્ય સર્વધર્મ આરાધનામાં સમાય જાય છે. પ્રથમ સાધના નિર્જરા ધર્મની છે. બીજી સાધના સંવર ધર્મની છે. જૈન શાસનમાં મૂળ મંત્ર નવકાર મહામંત્રમાં सव्व पावप्पणासणो નું લક્ષ્ય સાધકને બતાવ્યું છે. સર્વ પાપનો ક્ષય થાય તે જ આપણું એક માત્ર લક્ષ્ય બનવું જોઇએ. તો જ સાધના સાર્થક થશે અને જો પાપ કરવાથી નહી અટકયા તો નરક–તિર્યંચાદિ ચારે ગતિમાં પરિભ્રમણ કરવાના અને ભટકવાના, તથા પાપની સજા ભોગવવાથી કોઈ અટકી નહિ શકે અને સંસાર અનંતકાળ સુધી ચાલતો રહેશે.

## પાપ કરવાના અને ન કરવાના ફળ

કેવળજ્ઞાની ભગવંતની પાસે બે સજ્જનોએ પોતાના ભાવી ભવની સંખ્યા માટે પ્રશ્ન પુછયો, હે ભગવંત! અમારા બંનેના ભાવીમાં કેટલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવોની સંખ્યા થશે ? કેવલજ્ઞાની સર્વજ્ઞ પ્રભુએ એકને કહ્યું તારા ૭ જ ભવ બાકી છે. હવે તારે સાત જન્મ જ કરવા પડશે. બીજાને કહ્યું અસંખ્ય જન્મ બાકી છે. આથી તારે અસંખ્ય જન્મ ધારણ કરવા પડશે. બંને એ આ સાંભળી આશ્ચર્ય વ્યક્ત કર્યું. માત્ર સાત જ ભવ બાકી છે તે સાંભળી તે આનંદમાં એટલો રાજી થઇ ગયો અને વિચાર કરવા લાગ્યો કે કેવલી ભગવંતની ભવિષ્યવાણી ક્યારે પણ ખોટી પડતી નથી. આથી માત્ર સાત જ જન્મ બાકી છે અને આજે મોક્ષ થવાનો નથી. તો પછી નિરર્થક ધર્મ–ધ્યાન, તપશ્ચર્યા શા માટે કરું ? આખરે મોક્ષ તો સાતમા જન્મમાં જ થવાનો છે. તો પછી આજથી શા માટે ધર્મ કરૂં ? ખાઇ પીને મોજ મજા શા માટે ન કરું ? અમન ચમન અને મોજશોખથી આનંદ કેમ ન કરું ? ઠીક છે. પાપ લાગશે તો પણ શું ? ૭ ના ૮ ભવ થવાના નથી પછી શી ચિંતા ? આવી રીતે અનેક પાપો આચરવામાં મસ્ત થઇ ગયો. દરરોજ નવા નવા પાપ કરવા લાગ્યો.

જ્યારે બીજો અસંખ્ય ભવને સાંભળીને ઠંડો થઈ ગયો. અરે બાપરે ! હજી મારે અસંખ્ય ભવ ભટકવા પડશે ? આ ભાય પાપભીરૂ અને ભવભીરૂ બનીને ધર્મ આરાધના કરવા લાગ્યો. કોઈપણ પ્રકારનું પાપ ન કરવાનો નિર્ણય કરીને નિષ્પાપ જીવન જીવવા લાગ્યો. સાચો સાધક એ છે જે ભૂતકાળના પાપ ધોવા છે અને ભવિષ્યમાં નવા પાપ ન થાય તે માટે સજાગ રહે છે.

યોગાનુયોગ વર્ષો પછી ફરી કેવલી ભગવંત મળ્યા. આ વખતે આ બંને એ પુછ્યું હે ભગવંત ! અમારા બંનેમાંથી કોણ પહેલા મોક્ષમાં જશે ? કદાચ આપ આ પશ્નને સાંભળીને હસી પડશો ? આમાં શું પુછવા જેવી વાત છે ? સીધો જ ઉત્તર છે, સાત ભવવાળો પહેલો મોક્ષમાં જશે અને અસંખ્ય ભવવાળો પછી. આટલી સીધી સ્પષ્ટ વાત છે. પછી પુછવાનું શું ? પરંતુ આપણી અમે સર્વજ્ઞ જ્ઞાનીની વાતમાં ઘણું અંતર છે. આપણે સંખ્યાને જોઇને બોલીએ છીએ. જ્યારે અનંતજ્ઞાની બધુ જાણી દેખીને કહે છે. તેમનું ગણિત અદ્દભુત છે. કેવલી ભગવંતે જવાબ આપ્યો કે અસંખ્ય ભવવાળો પહેલા મોક્ષમાં જશે અને સાત ભવવાળો તેના પછી કેટલાય સમય પછી જશે. આ સાંભળી બંને આશ્ચર્ય ચકિત થઈ ગયા. હે પભુ ! આવું કેવી રીતે થઇ શકે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વજ્ઞ પ્રભુએ કહ્યું આ બિલકુલ સાચુ છે. આ અનેક પાપ કરીને સાત ભવ એટલા લાંબા ચૌડા મોટા મોટા કરશે જેવા કે ૭ મી નારકના ૩૩ સાગરોપમનો એક ભવ...આવા મોટા મોટા સાત ભવ કરશે. જ્યારે તેની સામે અસંખ્ય ભવવાળો નાના નાના કેટલાય ભવ કરીને અલ્પકાળમાં મોક્ષમાં જશે. હા સંખ્યામાં ફરક નહિ પડે પણ કાળ બહુ લાંબો ચાલશે. હવે તમે વિચારો જવાબ સાચો છે કે નહિ? કર્મસત્તાના ઘરમાં કેવો ન્યાય છે? અને ન્યાયનું ત્રાજવું કેવું છે? બિલકુલ ચોકખો ન્યાય. એટલા માટે પાપપ્રવૃત્તિ વધારવાથી સંસારમાં પરિભ્રમણનો કાળ વધે છે અને ઘટાડવાથી ઘટે છે. આથી સંસાર ભ્રમણનો આધાર પણ પાપ પર જ છે.

## ૧૧મા અંગ વિપાક સૂત્રના કેટલાક પ્રસંગો

જૈન ધર્મના ૪૫ આગમ જે પવિત્ર ધર્મ ગ્રંથ છે તેમાં ૧૧ અંગ સૂત્ર મુખ્ય છે. તેમાં ૧૧ માં અંગના રૂપમાં વિપાકસૂત્ર છે. વિપાકનો અર્થ છે. ફળ (સજા) સારા કરેલા પુન્યનું ફળ સુખરૂપ મળે છે. આથી કેટલાક પ્રસંગ "સુખ વિપાક" ના બીજા ભાગમાં કહ્યા છે. અને કરેલા પાપ કર્મોના ફળ જે દુઃખરૂપ હોય છે તે "દુઃખ વિપાક" ના પ્રથમ ભાગમાં કહ્યા છે. શ્રી ગૌતમસ્વામી ગણધર મહારાજા એ ગોચરીને માટે જતા સમયે જે દૃશ્ય આંખથી જોયાં છે. તે જ પ્રસંગને ભગવાન મહાવીર પ્રભુને પૂછયા છે અને શ્રી સર્વજ્ઞ મહાવીર પ્રભુએ જે કાંઇ જવાબ રૂપે કહ્યું છે તે આ પ્રમાણે છે. એક એક પ્રસંગ ખૂબ ટુંકાણમાં આપું છું.

## ૧ મૃગાપુત્રીય અધ્યયન

શ્રી મહાવીર સ્વામી ભગવાન એકવાર મૃગા ગામમાં સમોવસર્યા. પહેલા ગણધર શ્રી ગૌતમસ્વામી ગોચરી એ ગયા. વિજય ક્ષત્રિયના ઘરે મૃગાદેવીનો પુત્ર "મૃગાપુત્ર"ને ઘરની નીચે ભોંયરામાં જોયો. જે જન્મથી આંધળો, મૂંગો, બહેરો, જેના હાથ પણ નથી. બંને પગ પણ નથી ને આંખ, કાન વિગેરે બાહ્ય ઇન્દ્રિયોનો આકાર પણ નથી. ફક્ત બે બે છિદ્ર ભાગ છે. જન્મથી માંસના પિંડના સ્વરૂપમાં પડયો છે. જે કાંઇ દૂધ વિગેરે આહાર લે છે તેની ૧ મિનિટમાં ઉલ્ટી થઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાય છે અને બીજીવાર તે જ ઉલ્ટીને ફરી ચાટે છે. તે શરીર પરૂ અને માંસના રૂપમાં છે. તેવી ભયંકર દુર્ગંધમાં તે જન્મથી પડયો છે. આ દૃશ્ય જોઈને જાણે સાક્ષાત નરક જોઇ રહ્યો છું તેવો ગૌતમસ્વામીને આભાસ થયો. આટલું તીવ્ર દુઃખ હતું. સમવસરણમાં જઇને ગૌતમ સ્વામીએ વીર પ્રભુને આ હકિકત સંભળાવીને તેનું કારણ પુછયું તો પ્રભુએ કહ્યું હે ગૌતમ ! આને પૂર્વના ભવમાં ૫૦૦ ગામોનો સુબો બનીને પ્રજા પાસેથી કર વસુલ કરવામાં ભયંકર અનાચારનું સેવન કર્યું છે. પ્રજાને દુઃખી કરીને ભયંકર પાપ કર્યું છે. આ તે કરેલા મહા પાપની સજા છે. જે આજે ભોગવી રહ્યો છે. તે જન્મમાં એક સાથે ૧૬ રોગોની તીવ્ર પીડા ભોગવીને ૨૫૦ વર્ષનું આયુષ્ય પૂરૂં કરીને મરીને પહેલી નરકમાં જઈને ત્યાં પણ ૧ સાગરોપમ સુધી પરમાધામીઓના હાથથી ભયંકર સજા ભોગવીને આજે અહિ મૃગાપુત્ર રૂપમાં જન્મથી મહાપીડા ભોગવી રહ્યો છે અને આવી સ્થિતિમાં ૨૬ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને મરીને સિંહ બનશે. સિંહ મરીને ૧લી નરકમાં જશે. ત્યાં ૧ સાગરોપમ ફરી રહેશે. ત્યાંથી નીકળીને નોળીયો બનશે. ફરી ૨જી નરકમાં જશે. ફરી પક્ષી બનશે. ફરી ૩જી નરકમાં જશે. ફરી સિંહ બનશે. પછી ૪થી નરકમાં પછી સર્પ બનશે. પછી ૫મી નરકમાં, પછી સ્ત્રી બનશે, પછી ૬ઠ્ઠી નરકમાં પછી પુરુષ બનશે, પછી ૭ મી નરકમાં જશે. પછી જલચર બનશે. પછી માખી મચ્છર મકોડા કીડી, તથા બેઇન્દ્રિય અળસિયા વિગેરે બનીને, પછી એકેન્દ્રિયમાં વનસ્પતિકાય વિગેરેમાં જઈને ઉત્પન્ન થશે. પછી વાયુકાય, પછીપાણીમાં પૃથ્વીકાય આદિમાં ૧ લાખવાર થશે. આવી રીતે અનંતકાળ સુધી કરેલા પાપ કર્મોની સજા ભોગવતો રહેશે.

## (૨) ઉજ્ઝિતક કુમાર

વાણિજ્ય ગામમાં ઉજ્ઝિતક કુમાર મહાકામી વિષય–વાસનાના કીડા જેવો કામદેવાજા વેશ્યામાં અત્યંત આશક્ત હતો અને મૈથુન પાપના સેવનમાં તીવ્ર કામી હતો. વેશ્યાગમનના પાપમાં ૨૫ વર્ષ સુધી આસક્ત રહ્યો હતો. ગૌતમસ્વામી જે ગોચરી માટે પધાર્યા હતા. તેઓએ તે ઉજ્ઝિતક કુમારને એક ચોકની વચ્ચે વધ સ્થંભ ઉપર લટકાવેલો જોયો. હજારો લોકોની વચ્ચે રાજસૈનિક કાન–નાક કાપીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાલાથી માંસના ટુકડા કાઢી રહ્યા હતા. મહાવેદનામાં જીવનના ૨૫ વર્ષ પૂરા કરીને મરીને ૧લી નરકમાં ગયો અને મૃગાપુત્રની જેમ આ પણ સાતેય નરકોમાં અને ૮૪ લાખ જીવા યોનિમાં ભટકશે. આ મૈથુન પાપની સજા હતી.

## (૩) અભગ્નસેન ચોર

પ્રભુ પુરિમતાલ નગરમાં સમોસર્યા. ત્યાં અભંગ્ન નામનો મહાચોર રહેતો હતો. નગરની બહાર મોટી શાલાટવી નામની ચોર પલ્લીનો અધિપતિ વિજય ચોરનો આ પુત્ર પિતાના મૃત્યુ પછી ચોરનો અધિપતિ બન્યો હતો. મોટી મોટી ચોરીઓ ખૂબ કરતો હતો. મહાબલ રાજાએ તેને પકડાવીને ફાંસી પર લગાવ્યો હતો. ફાંસી ઉપર નાક કાન આદિ અંગોપાંગ કાપીને તેના શરીરમાંથી માંસના ટુકડા કાઢીને તેને ખવડાવતા હતા. તેનું જ લોહી તેને પીવડાવવામાં આવતું હતું. આવી રીતે તેના સગા સંબંધી, માતા–માસી, કાકા–કાકી વિગેરેને પણ સજા કરવામાં આવી તે ૩૭ વર્ષનું અલ્પ આયુષ્યપૂર્ણ કરીને ૧લી નરકમાં ગયો. ત્યાંથી સાતે નરકમાં અને સ્થાવર સુધી પરિભ્રમણ કરશે. પૂર્વ જન્મમાં પણ ઈંડાનો વ્યાપારી બનીને ઘોર પાપ કર્યા છે. આ કરેલા પાપની સજા અસંખ્ય જન્મો સુધી ભોગવશે. આવું મહાવીર પ્રભુએ કહ્યું છે.

## (૪) શકટકુમાર

એક છણિક ખાટકી [કષાઈ] પશુ હત્યાનું પાપ કરીને નરકમાં જઈને ત્યાંથી અહીં આવીને શકટકુમાર નામનો મહાચોર બન્યો છે અને સાહંજણી નગરીની વેશ્યા સુદર્શનામાં આશક્ત બન્યો. તે રાજ-વેશ્યા રાજાના મહેલમાં રાખવામાં આવી ત્યાં પણ તે પહોંચ્યો મહા-ચંદ્રરાજા એ પકડાવીને તેને ફાંસી પર લટકાવ્યો. અને લોઢાની ગરમ પૂતળીથી આલિંગન કરાવ્યું તથા અંગોપાંગ કાપીને માર્યો. ત્યાં તે ૫૭ વર્ષનું આયુષ્ય પૂરું કરીને ૧લી નરકમાં ગયો. આગળ ૭ નરક સુધી ભટકશે. ૩–૪ થા બંને પાપોની મહાસજા ભોગવશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫) બૃહસ્પતિદત્ત–

કૌશામ્બીનગરીમાં બૃહસ્પતિદત્ત નામનો પૌરોહિત્ય કર્મ કરવાવાળો પુરોહિત હતો. જે પશુયજ્ઞ વિગેરે કરીને પ્રજાનું રાજાનું કામ કરતો હતો. રાજાનો અત્યંત વિશ્વાસુ બનીને રાજમહેલમાં રોક–ટોક વિના આવતો જતો હતો અને અંતઃપુરની રાણીઓ પાસે પણ આવવા–જવા લાગ્યો. એટલામાં કૌશામ્બીના રાજા શતાનીકના પુત્ર ઉદાયન રાજાની પટ્ટરાણી પદ્માવતીની સાથે તે બૃહસ્પતિદત્તે વ્યભિચાર કર્યો. આ પાપ આગળ વધ્યુ. પાપ ક્યાં છાનુ રહે છે ? રાજાએ પકડીને તેને ફાંસીના વધસ્તંભ પર લટકાવ્યો. શરીરના ટુકડા ટુકડા કરાવ્યા. ભયંકર વેદના ભોગવીને ૬૪ વર્ષ જીવનના સમાપ્ત કરીને ૧ લી નરકમાં ગયો. ગયા જન્મમાં પણ આ મહેશ્વરદત્ત નામનો પુરોહિત હતો. અને નરબલીયજ્ઞ પણ કરતો હતો. જીવતા પુરુષોના કલેજા કાઢીને યજ્ઞ–યાગ કરવાવાળો તે પાપના સંસ્કારથી બીજા ભવમાં તે પાપ કરીને નરકમાં ગયો. ત્યાંથી તે સાતેય નરકમાં ભટકશે. પ્રાણાતિપાત હિંસાના પાપની સજા છે.

## (૬) નંદિવર્ધન–

મથુરા નગરીમાં શ્રીદામ રાજાનો પુત્ર નંદિવર્ધન રાજપુત્ર હતો. તે પોતાના પિતાનો વૈરી બન્યો હતો. તેથી એક ચિત્ર નામનો હજામ જે દરરોજ રાજાની હજામત કરતો હતો અને રાજાનો વિશ્વાસુ હતો. તેને અડધુ રાજ્ય આપવાના લોભમાં સાધ્યો. પરંતુ અંતમાં વાત ફૂટી ગઈ. રાજાએ પુત્રને પકડાવીને ગરમગરમ ઉકળતા ખારા પાણીમાં નાખ્યો. લોઢાના તપેલા આસન ઉપર બેસાડીને કેટલાય પ્રકારના ગરમાગરમ પાણીથી અભિષેક કરાવ્યો. તે નંદિસેન રાજકુમાર મરીને ૧લી નરકમાં ગયો. આ નંદિસેન ગયા ભવમાં દુર્યોધન નામનો ગુપ્તપાલક હતો. ૩૧૦૦ વર્ષના આયુષ્યમાં સોય ખીલા વિગેરે ખૂબ રાખતો હતો. કેટલાયના મુખ ફાડવા, ગરમ ગરમ ઉકળતો રસ પીવડાવવો વગેરે જેલરના સ્થાને કેટલાય પ્રકારના પાપ કરતો હતો. પાપ કરીને ૬ઠ્ઠી નરકમાં ગયો. ત્યાંથી નીકળીને નંદિસેન યુવરાજ બન્યો એક જન્મના પાપના સંસ્કાર સામે આવ્યા અને પિતૃહત્યા કરવા જતો હતો અને પકડાઇ ગયો. મરીને ૧લી નરકમાં ગયો અને તેવી રીતે સાતેય નરકમાં જશે. અસંખ્ય ભવો સુધી સંસારમાં ભટકશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭) ઉંબરદત્ત

વિજયપુર નગરના કનકરથ રાજાને ત્યાં ધનવંતરી નામે રાજવૈદ્ય હતો. આયુર્વેદનો જાણકાર પ્રસિદ્ધ વૈદ્ય હતો. અષ્ટાંગ વિદ્યાનો જાણકાર તે વૈદ્ય રાજાની તથા અનેક રાણીઓની દવા–ચિકિત્સા કરતો હતો. પોતાની દવામાં માછલીનું માંસ, કાચબાનું માંસ, જલચરનું માંસ, ઘેટા, બકરા, ભૂંડ, હરણ, સસલા, ગાય અને ભેંસ વિગેરેનું માંસ ખાવાનું કહેતો હતો. પ્રમાણ બતાવતો હતો. પોતે જ તાજુ માંસ ખાવા માટે લાવીને આપતો હતો. એટલો બધો માંસાહાર વધાર્યો અને વૈદ્યકના નામ પર હજારો લોકોને માંસ ખાવાનું અને મદિરા પીવડાવવાનું શરૂ કર્યું હતુ. આ મહાપાપ ધન્વંતરી વૈદ્યને ૩૨૦૦ વર્ષના આયુષ્ય સુધી કર્યું. મરીને ૬ઠ્ઠી નરકમાં ગયો અને ત્યાંથી નીકળીને પાડલખંડ નગરમાં સાગરદત્તનો પુત્ર ઉંબરદત્ત બન્યો. માતાના ગર્ભમાં હતો ત્યારથી ઉપરોક્ત માંસાદિ ખાવાના દોહલા ઉત્પન્ન થયા. ઉંબરદત્ત પણ માંસ મદિરામાં આસક્ત બન્યો. શરીરમાં ૧૬ પ્રકારના રોગ થયા. કુષ્ટ રોગમાં કીડા પડયા. રક્તપિત્ત થયો. મહાવ્યાધીઓ ભોગવીને ૧લી નરકમાં ગયો અને પછી આગળ સાત નરકોમાં ભટકતા એવા અસંખ્ય જન્મ સુધી પાપની મહાભંયકર સજા ભોગવશે.

## (૮) શૌરિકદત્ત

પૂર્વ જન્મમાં શ્રીયક નામનો રસોઈઓ હતો. જે માંસાહારી ભોજન બનાવવામાં પ્રસિદ્ધ હતો. માછલીઓને પકડી લાવીને, પક્ષીઓ પકડી લાવીને અનેક રીતથી ગરમ ગરમ પાણીમાં ઉકાળીને તેના માંસની માંસાહારી રસોઈ બનાવીને લોજ ચલાવવાનો ધંધો કરતો હતો. તેના કેટલાય નોકર–ચાકર હતા પછી આગળ વધ્યો. ગાય, ભેંસ, પાડા તથા બકરા ઘેંટા, ભૂંડ વિગેરે પશુ–પક્ષીઓ તથા માછલીઓને પકડતો, મારતો અને રસોઈ બનાવતો, ખાતો અને ખવડાવતો. આવી રીતે મોટા પાયા પર રસોઈ કરતો હતો. ત્યાં સુધી કે કબૂતર–મોર–તિતર પોપટ વિગેરેના માંસની રસોઈ બનાવતો હતો. ૩૩૦૦ વર્ષ સુધી અહિંયા પાપ કરીને ૬ઠ્ઠી નરકમાં ગયો. ત્યાંથી અહિયા શૌર્યપુર નગરમાં સમુદ્રદત્તનો પુત્ર શૌરિકદત્ત બન્યો. પૂર્વજન્મના પાપના સંસ્કાર–વશ તે જ પાપ ઉદયમાં આવવાથી પિતાની મૃત્યુ પછી મોટો પ્રસિદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મચ્છીમાર બન્યો. જાળ બીછાવીને હજારો માછલીઓ પકડતો હતો ખાતો હતો, હજારોને ખવડાવતો હતો. વ્યાપાર કરતો હતો. ખાતા સમયે એક કાંટો ગળામાં ફસી ગયો, કોઈ ઈલાજ [ ચિકિત્સા ] ન થઈ શકી. બિચારો તરફડીને, રોગી હાલતમાં ૭૦ વર્ષની આયુષ્યમાં મહાપાપ કરીને, મરીને ૧લી નરકમાં ગયો અને આગળ સાત નરકોમાં જઈને પૃથ્વીકાય આદિ એકેન્દ્રિયમાં પણ અસંખ્યભવો સુધી પાપની મોટી ભારી સજા ભોગવશે.

## (૯) દેવદત્તા

મહાસેન રાજાના પુત્ર સિંહસેન યુવરાજના લગ્ન ૫૦૦ રાજ કન્યાઓ સાથે કર્યા હતા. પિતાની મૃત્યુ પછી રાજા બનીને સિંહ-સેન રાજા શ્યામા આદિ ૫૦૦ રાણીઓમાં આસક્ત બન્યો. મહાકામી, મહાલોલુપી, કામવાસનાનો કીડો બન્યો હતો. એક શ્યામા રાણીમા અતિલુબ્ધ બન્યો હતો. શ્યામાએ રાજાના કાન ભંભેર્યા. રાજા ભડકી ગયો. અને શ્યામાના અતિગાઢ પ્રેમથી બીજી ૪૯૯ને મારવા તૈયાર થઈ ગયો. અને તેવું જ કર્યું. એક લાકડાનો મહેલ કરાવ્યો એક દિવસ દાવત [ ભોજન સમારંભ ] ના બહાને ૪૯૯ રાણીઓને અને તેમની ૪૯૯ માતાઓને બોલાવીને ભોજન [દાવત] ખવડાવવા બેસાડી અને એકાએક રાજાએ ચારે બાજુથી દરવાજા બંધ કરાવીને ઘાસતેલ છંટાવીને આગ લગડાવી દીધી બધી ૯૯૮ને જીવતા જીવ બાળી દીધી. મહાકામી સિંહસેન રાજા ૩૪૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને મરીને મહાપાપની સજા ભોગવવા ૬ ઠ્ઠી નરકમાં ગયો ત્યાં ૨૨ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરીને અહી રોહિડા નગરમાં દત્ત નામના સાર્થવાહની પુત્રી દેવદત્તા રૂપે જન્મી. તેના લગ્ન પુષ્પનંદી રાજા સાથે થયા. શ્રીદેવી તેની સાસુ હતી. પુષ્પનંદીના પિતાના મૃત્યુબાદ તે તેની માતાની ખૂબ જ કાળજી લેતો હતો. પત્નીથી આ સહન ન થતા તેનું કાટલું કાઢી નાખવાનો વિચાર કર્યો. દેવદત્તાએ એક દિવસ લોખંડનો સળીયો ભઠ્ઠામાં તપાવીને સાસુ શ્રીદેવીને મારી નાંખી. આ ઘોર પાપ કરીને સજા પામેલી દેવદત્તા ૮૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને ૧લી નરકમાં ગઇ. અને સાતે નરકમાં જઇને વનસ્પતિકાયમાં ભટકતી એવી અસંખ્ય જન્મો સુધી પાપની ભયંકર સજા ભોગવશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૦) અંજુસુતા

ઇન્દ્રપુર નગરની પ્રસિદ્ધ વેશ્યા પૃથ્વીશ્રી વશીકરણ વિદ્યાથી રાજા વિગેરે સેંકડોને વશ કરીને કામભોગ ભોગવતી હતી. આ મૈથુન સેવનના મહાપાપથી મરીને છઠ્ઠી નરકમાં જઈને ૨૨ સાગરોપમનો કાળ પુરો કરીને ત્યાંથી નીકળીને વર્ધમાનપુર નગરમાં ધનદેવ સાર્થ-વાહની પુત્રી બની જેનું નામ અંજુશ્રી રાખ્યું. નગરના રાજા વિજય મિત્ર સાથે લગ્ન થયા, મહાકામી પૂર્વ જન્મના વેશ્યાગીરીના સંસ્કાર ઉત્પન્ન થયા રાજા માતૃભક્ત હતો. આથી રાણી અંજૂશ્રીની કામેચ્છા સંતોષાતી ન હતી. આથી તે મહારોગથી ઘેરાયેલી રોગગ્રસ્ત બની. રોગથી મરીને ૧લી નરકમાં ગઈ. અને ગયા જન્મના પાપોની સજા ભોગવતી સાતેય નરકમાં જશે. ત્યાંથી ભટકતી તે એકેન્દ્રિયમાં વન-સ્પતિકાયમાં અસંખ્ય ભવ કરશે. એક જન્મના પાપની સજા કેટલા ભવો સુધી ભોગવવી પડે છે.

ઉપરોક્ત દશ દૃષ્ટાંત વિપાક સૂત્રમાં છે અને ગોચરી જતા ગૌતમસ્વામીએ પોતે જ આંખથી જોયેલા પ્રસંગો છે. જેને જોવાથી આશ્ચર્યકારી લાગવાથી સમવસરણમાં આવીને શ્રી મહાવીર પ્રભુને પૂછે છે. સર્વજ્ઞ મહાવીર પ્રભુએ બધાના પૂર્વ જન્મોના વર્ણન બતા-વતા ભયંકર પાપ કર્મોને બતાવ્યા છે. તથા તે તે જીવોની ભાવી પરંપરા બતાવી છે. પાપની સજા કેટલી ભયંકર ભારી હોય છે તે મહાવીર પ્રભુએ બતાવ્યું છે. જિજ્ઞાસુઓ વિપાકસૂત્રનો અનુવાદ જોવાથી વધારે સ્પષ્ટ રીતે સમજાશે.

## "પાપની સજા ભારે"

આ પ્રવચન શ્રેણીની પુસ્તિકામાં તમે સારી રીતે જોયું અને સમજ્યુ કે પાપ કેવા હોય છે? કેવી રીતે થાય છે? કેટલી અધમકક્ષાના પાપ કર્મ હોય છે? અને આ ૧૮ પાપોનું સેવન જ્યારે જેને કર્યું તેમની આખરી અંતમાં કેવી દુર્દશા થઈ? તે તમે જાતે સમજ્યા અને અનુભવ કર્યો. આથી તમારો અંતરાત્મા જરૂર અંદરથી પોકારતો હશે કે "પાપની સજા [બહુ જ] ભારે છે. કરેલા નિકાચિત પાપોથી કોઈ છૂટકારો નથી. જો પાપ કર્યા છે તો સજા નિશ્ચિત રૂપમાં ભોગવવી જ પડે છે. તેમાં કોઈ સંદેહ નથી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શંકા નથી. આ નિર્વિવાદ સત્ય છે. કર્મસત્તાના ઘરમાં કોઈ દેર પણ નથી અને અંધેર પણ નથી. જેવા પાપ કર્યા છે? જેવી રીતે પાપ કર્યા છે? તેવી રીતે તેનું ફળ ભોગવવું પડે છે. ભૂતકાળમાં ઘણા પાપો કર્યા તેની સજા નરકમાં ભોગવી આવ્યા પણ જ્ઞાનાવરણીય કર્મ એટલું જોરદાર છે કે તે કોઈ જાણી શકતા નથી. તેથી જ પાપની પરંપરા વધે છે. કાલાંતરે કર્મ ઉદયમાં આવે છે અને ફરી તેવા પાપો કરીએ છીએ.

પાપકર્મને ઉદયમાં આવવા માટે પણ નિમિત્ત જોઈએ છે. તેથી જ્ઞાનીઓ કહે છે. નિમિત્તથી બચો. પહેલા તો પાપને જાણવા પડશે તેના પરિણામ જાણવા પડશે. જો પાપને જાણશો તો પાપને છોડી શકશો. પાપને જાણો તે જ્ઞાન, પાપને પાપ તરીકે માનો તે દર્શન, [શ્રદ્ધા] પાપને પાપ તરીકે માનીને છોડો તે ચારિત્ર.

જેટલી પાપ કરવામાં શક્તિ વાપરીએ છીએ તેની અનંતમાં ભાગની શક્તિ પાપ ધોવામાં વાપરતા નથી. ૧૮ પાપમાંથી એક પણ પાપ એવું નથી જે શક્તિ વાપર્યા વગર થતુ હોય. દઢ પ્રહારીએ હત્યા કરવામાં જે શક્તિ વાપરી તેના કરતા હજાર ગણી શકિત પાપ ધોવામાં વાપરી છે. જ્ઞાનીઓ કહે છે કે સંસારમાં જે પાપ બંધાય છે તે જ સંસારમાં પાપ ધોવાય છે. પાપ કરતા મજા આવે છે ત્યારે તેની સ્થિતિ દીર્ઘ બંધાય છે. માત્ર મનુષ્યગતિ જ એવી છે જેમાં અનેક ભવોના પાપોને સકામ નિર્જરા પૂર્વક ખપાવી શકીએ છીએ. પાપને ખપાવવા માટે જ તીર્થંકર ભગવંતો એ ધર્મ બતાવ્યો છે. ધર્મના સાબુથી જ પાપ ધોવાશે. પાપોનો મેલ ધોવા માટે આંખના આંસુના પાણીની જરૂર છે. પશ્ચાતાપનું રૂદન જરૂરી છે. પાપ કર્યા પછી પાપને સ્વીકારે એજ પ્રાયશ્ચિત કરી શકે છે. પાપ ધોતા ધોતા પાપનો એવો અણગમો થવો જોઈએ કે ફરી પાપ કરવાનું મન જ ન થાય પાપ થયા છે અને ચાલુ છે. તેના અધ્યવસાય ચાલુ છે તો તે ભીના પાપનો ઉકેલ જલ્દી લાવી શકાય છે. તે પ્રાયશ્ચિત કરવા પૂર્વક પાપમાંથી પાછા હટી શકાય છે. પાપ કર્યા પછી આપણને સહેજ પણ કમકમાટી થાય, અરેરાટી થાય, મનમાં પશ્ચાતાપની ધારા ફુટે તો તે પાપમાંથી બચી શકાય છે. પાપ કર્યા પછી દુર્ગંછા થાય, તિરસ્કાર થાય ત્યારે તેમાંથી હટી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં સુધી નિકાચીત કર્મ ન બાંધ્યું હોય ત્યાં સુધી બદલી શકાય છે. પાપ પ્રાયશ્ચિતથી અને પશ્ચાતાપથી જ ધોવાય છે. પશ્ચાતાપ વગર પ્રાયશ્ચિત થતું નથી.

જીવનમાં જેને આત્મવિકાસ સાધવો છે તેને માટે આ મહત્વની વાત છે. તમારા મનનું સતત ચેકીંગ કરતા જાઓ...એ જો પાપ પ્રત્યે નફરત બતાવતું હોય તો નક્કી સમજજો કે તમારા જીવનમાંથી પાપો અચૂક વિદાય લઇ રહ્યા છે. પણ આના બદલે જો મન પાપ પ્રત્યે કુણી લાગણીવાળું દેખાતું હોય તો નક્કી માનજો તમારે હજુ સાવધ રહેવાની ખૂબ જરૂર છે. માત્ર સદ્આચરણના આધારે તમારી જાતને વિકાસના પંથે માની લેવાની ભૂલ ન કરશો. પાપના વિચારને અટકાવવા નિમિત્તોથી દૂર રહો અને તમારા જીવનમાં ધર્મ પ્રવૃત્તિઓ વધારો.

## "સવ્વપાવપ્પણાસણો" જ શ્રેષ્ઠ માર્ગ છે.

એટલા માટે પાપો ની ભયંકર સજા પીડા, દુઃખ અને ત્રાસથી બચવા માંગો છો તો પહેલા પાપોથી બચવું અનિવાર્ય છે. જૈનધર્મના મહામંત્ર નવકારના ૭માં પદ" સવ્વપાવ–ણાસણો" માં સર્વ પાપો નાશ કરવાનું સર્વોચ્ચ સાધ્ય બતાવ્યું છે. પ્રત્યેક સાધકનું આ અંતિમ લક્ષ કેન્દ્રમાં હોવું જોઇએ કે હું સર્વ પાપનો નાશ કેવી રીતે કરું ? સર્વ પાપ કર્મનો નાશ કરવો... ક્ષય કરવો ખપાવવા એજ નિર્જરા છે. અને નિર્જરા એ જ માત્ર મોક્ષ મેળવવાનો ઉપાય છે. કહ્યું છે કે

अकर्तव्यं न कर्तव्यं प्राणैः कण्ठगतैरपि ।
सुकर्तव्यं तु कर्तव्यं, प्राणै कण्ठगतैरपि ॥

ન કરતા યોગ્ય પાપ તો પ્રાણ ગળા સુધી આવે તો પણ ક્યારેય પણ ન કરવું જોઇએ. એવી રીતે કરવા યોગ્ય સુકર્તવ્યને પ્રાણ ગળા સુધી આવે તો પણ કરવું જ જોઈએ. ધર્મ ન જ છોડવો જોઇએ. પાપ જ છોડવું જોઇએ. સર્વ પાપ કર્મોના સંપૂર્ણ નાશથી મોક્ષપ્રાપ્તિ થાય છે. આથી બધા પાપ છોડીને નિષ્પાપ બનીને મોક્ષમાં જાય. કોઇ પાપની ભારી સજા ન પામે આજ શુભ મનોકામના............

* "मा कार्षीत् कोऽपि पापानि" *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મિથ્યાત્વશલ્ય પાપસ્થાનકની સજઝાય

અઢારમું જે પાપનું થાનક, તે મિથ્યાત્વ પરિહરીયેજી,
સત્તરથી પણ તે એક ભારી હોય તુલાયે જો ધરીયેજી,
કષ્ટ કરો પરિપરિ દમો અપ્પા, ધર્મ અર્થે ધન ખરચોજી,
પણ મિથ્યાત્વ છતે તે જુઠું તિણે તેહથી તુમે વિરમોજી...(૧)
કિરિયા કરતાં ત્યજતો પરિજન દુઃખ સહતો મનરીઝેજી,
અંધન જીતે પરની સેના, તિમ મિથ્યા દ્દષ્ટિનસીઝેજી,
વીરસેન સુરસેન દ્દષ્ટાંતે સમક્તિની નિર્યુકતેજી,
જોઈ ને ભલી પરે મન ભાવો, એહઅરથ વર યુક્તેજી...(૨)
ધમ્મે અધમ્મ–અધમ્મે ધમ્મહ સન્નામન્ગે ઉમગ્ગાજી,
ઉન્માર્ગે મારગનીસન્ના, સાધુ અસાધુ સંલગ્ગાજી,
અસાધુમાં સાધુની સન્ના જીવે અજીવ અજીવે જીવ વેદોજી,
મુત્તે અમુત અમુત્તે મુત્તિહ, સન્નાએ દશ ભેદોજી...(૩)
અભિગ્રહિક નિજનિજ મતે અભિગ્રહ અનભિગ્રાહિક સહુ સરખાજી
અભિનિવેશી જાણતો કહે જુઠું કરે ન તત્ત્વ પરિખ્ખાજી,
સંશય તે જિનવચનની શંકા અવ્યક્તે અનાભોગાજી,
એ પણ પાંચ ભેદ છે વિશ્રુત જાણે સમજુ લોગાજી...(૪)
લોક લોકોત્તર ભેદ એ ષડ્‌વિધ દેવ–ગુરુ વલી પર્વજી,
સંગતિતિંહા લૌકિક ત્રિણ આદર, કરતા પ્રથમ તે ગર્વજી,
લોકોત્તર દેવ માને નિયાણે ગુરુ જે લક્ષણ–હીણાજી,
પર્વ નિષ્ટેં ઇહલોકને કાજે માને ગુરુપદ લીનાજી...(૫)
ઈમ એકવીશ મિથ્યાત્વ તજે જે ભજે ચરણ ગુરુ કેરાજી,
સજેનપાયે રજે ન રાખે મત્સર દ્રોહ અનેરાજી,
સમક્તિધારી શ્રુત આચારી તેહની જગ બલિહારીજી,
શાશન સમક્તિને આધારે તેહની કરો મનોહારી જી...(૬)
મિથ્યાત્વ તે જગમાં પરમ રોગ છે, વલીય મહા અંધકારોજી,
પરમ શત્રુને પરમ શસ્ત્ર તે પરમ નરક સંચારોજી,
પરમ દોહગને પરમ દરિદ્રતે, પરમ સંકટ તે કહીયે જી,
પરમ કંતાર પરમ દુર્ભિક્ષ તે તે છાંડે સુખ લહિયેજી...(૭)
જે મિથ્યાત્વ લવલેશ ન રાખે સૂધો મારગ ભાખેજી,
તે સમક્તિ સુરતરૂ ફલ, ચાખે રહે વલિ અણીયે આંખે જી,
મ્હોટાઈ શી હોય ગુણ પાખે? ગુણ પ્રભુ સમક્તિ દાખેજી,
શ્રી નય વિજય વિબુધ પાય–સેવક વાચક જસ ઈમ ભાખેજી...(૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે. મૂ. જૈન સંઘ

સંવત ૨૦૪૫ અમદાવાદ.

### * મેનેજીંગ કમીટી *

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી | યુ. એન. મહેતા | (પ્રમુખ) |
| ૨. | ,, | રસીકલાલ પોપટલાલ | (ઉપ-પ્રમુખ) |
| ૩. | ,, | બિપીનચંદ્ર શાન્તીલાલ | (સેક્રેટરી) |
| ૪. | ,, | જયંતિલાલ ફકીરચંદ | (ખજાનચી) |
| ૫. | ,, | રમણલાલ વજેચંદ | (ટ્રસ્ટી) |
| ૬. | ,, | સુમતિલાલ છોટાલાલ | ,, |
| ૭. | ,, | ચંદ્રકાન્તભાઇ સી. ગાંધી | ,, |
| ૮. | ,, | ચમનલાલ શંકરલાલ | ,, |
| ૯. | ,, | હેમંતભાઇ ચીમનલાલ શાહ | ,, |
| ૧૦. | ,, | ચંદ્રકાન્તભાઇ સી. મશરૂવાળા | (જો.સેક્રેટરી) |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐 શ્રી ધર્મનાથસ્વામિને નમઃ 卐


પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય સુબોધસૂરીશ્વરજી મ. સા.

તથા પ. પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ


( રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ, ન્યાય-દર્શનાચાર્ય-મુંબઈ )

આદિ મુનિ મંડળના

વિ. સં. ૨૦૪૫ ના જૈનનગરશ્રી સંઘમાં ચાતુર્માસ દરમ્યાન શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે. મૂ. જૈન સંઘ-અમદાવાદ. તરફથી યોજાયેલ ૧૬ રવિવારીય



*



પ. પૂ. આચાર્યદેવ વિજય સુબોધસૂરીશ્વરજી મ. સા.

પ. પૂ. મુનિરાજશ્રી અરૂણવિજયજી મ. સા.

* ચાતુર્માસિક રવિવારીય ધાર્મિક શિક્ષણ શિબિર *

ની અંતર્ગત ચાલતી

પ. પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજના

# 卐 "પાપની સજા ભારે" 卐 — વિષયક

## રવિવારીય સચિત્ર જાહેર પ્રવચન શ્રેણિ

ની પ્રસ્તુત વીસમી પુસ્તિકા

શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે. મૂ. જૈન સંઘ તરફથી

જૈનનગર-શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૭

પ્રસ્તુત પ્રવચન પુસ્તિકા છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org